અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:8, Issue: 182, Dt.13-05-2023 (Saturday)

Email ; saurashtrakranti@gmail.com

saurashtrakranti

Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧

સુવિચાર

"જે વ્યક્તિ શક્તિ ન હોવા છતાં પણ મનથી હાર સ્વીકારતી નથી, તેને વિશ્વની કોઈ શક્તિ પરાજિત કરી શકતી નથી "

કર્ણાટકમાં વાપસીના ભાજપના અરમાનો ઉપર પાણી ફરી વળ્યું

કર્ણાટકમાં કોંગ્રેસનો ભવ્ય વિજય

કોંગ્રેસ ૧૩૫, ભાજપ ૬૫, જેડીએસ ૨૦ અને અન્યો ૪ બેઠક પર આગળઃ કુલ ૨૨૪ બેઠક

(એજન્સી સમાચાર) બેંગ્લોર તા.૧૩ : ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના સેમીફાઈનલ જેવા જંગમાં આજે કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે ૧૩૫ બેઠકો સાથે સ્પષ્ટ બહુમતી મેળવી લેતા ભાજપના હાથમાંથી દક્ષિણનું આ એકમાત્ર રાજ્ય પણ સરકી ગયું છે. છેલ્લા એક માસથી ચાલી રહેલા વિધાનસભા ચૂંટણીના ચાલી રહેલા જંગમાં તા.૧૦ના મતદાન બાદ આજે જાહેર થયેલા પરિણામોમાં પ્રારંભથી જ કોંગ્રેસ પક્ષે શાસક ભાજપ પર લીડ બનાવી લીધી હતી જનતાદળ (એસ) ત્રીજા સ્થાને અને ૨૨૪ બેઠકોની વિધાનસભામાં ૧૧૩ બેઠકોના બહુમતીના આંકડાને પાર કરીને છેલ્લા સમાચાર મુજબ કોંગ્રેસ પક્ષે ૧૩૫ બેઠકો પર સરસાઈ મેળવી લીધી છે જયારે ભાજપ ૬૫ બેઠકો પર જીત મેળવી છે. ચૂંટણીપંચે પણ જાહેર કરાયેલા આંકડામાં કોંગ્રેસને ૧૩૫ બેઠકો પર લીડ કરતી દર્શાવાઈ છે અને રાજયમાં હવે કોંગ્રેસે પાંચ વર્ષના સમયગાળા બાદ ફરી એક વખત સરકાર બનાવવાની કવાયત તેજ કરી દીધી છે. કર્ણાટકમાં ભાજપનો પરાજય એ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ સ્ટાર પ્રચારકોના હેટ્રીક પ્રચાર છતાં પણ પક્ષ ગત વિધાનસભા જેટલી બેઠકો પણ મેળવી શકયો નથી અને બે આંકડામાં સમેટાઈ જશે તે નિશ્ચિત બન્યું છે.

જયારે એકઝીટ પોલ સહિતના સમયે ત્રિશંકુ વિધાનસભાની સ્થિતિમાં પોતાને કિંગમેકર તરીકે રજુ કરવા માટે થનગની રહેલા જનતાદળ એસ ને પણ મોટો આંચકો લાગ્યો છે અને તે ૨૪ બેઠકો પર સમેટાઈ જશે તેવા સંકેત છે અને સાત બેઠક પર અપક્ષ તથા નાના પક્ષોના ઉમેદવાર આગળ છે જેમાં બપોરે સ્થિતિ સ્પષ્ટ થઈ જશે. કર્ણાટકની ચૂંટણીમાં છેલ્લા સમાચાર મુજબ મુખ્યમંત્રી બસવરાજ બોમ્મઈ શિરગાંવ અને કોંગ્રેસના નેતા ડી.કે.શિવકુમાર તેમજ પુર્વ મુખ્યમંત્રી કુમારસ્વામી આગળ દોડી રહ્યા છે. પરિણામો જાહેર થતા જ કોંગ્રેસની છાવણીમાં જબરો ઉત્સવનું વાતાવરણ સર્જાઈ ગયું હતું જયારે ભાજપના રાષ્ટ્રીય નેતાઓ તરફથી હજુ કોઈ પ્રતિભાવ આવ્યો નથી પરંતુ પક્ષ દ્વારા ચૂંટણી પરાજય સ્વીકારી લેવાયો છે. કર્ણાટકમાં કોંગ્રેસ પક્ષ સ્પષ્ટ બહુમતી સાથે સરકાર બનાવશે તે નિશ્ચીત થતા જ હવે ભાજપ કોઈ ભાંગફોડ ન કરે તે માટે પક્ષ સાવધ થઈ ગયો છે અને તેના તમામ ચૂંટાયેલા ધારાસભ્યોને બેંગ્લોર પહોંચવા અને સીધા એક રિસોર્ટમાં મોકલવામાં આવી રહ્યા છે જયારે પ્લાન-બીમાં જરૂર પડે તો પક્ષ તેના ધારાસભ્યોને તામિલનાડુમાં પણ ખસેડે તેવા સંકેત છે.

ભૂતકાળમાં ત્રિશંકુ વિધાનસભા સ્થિતિમાં ભાજપે ભાંગફોડ કરવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ સફળ થયો નહી પણ દક્ષિણનો પરાજય ભાજપ પચાવી શકશે કે કેમ તે પણ પ્રશ્ન છે અને તેથી જ કોંગ્રેસ પક્ષે તમામ સાવધાની રાખીને સરકાર રચવાની પ્રક્રિયા તેજ કરી છે. ભાજપે કોંગ્રેસની સ્થિતિ પર કટાક્ષ કરતા કહ્યું કે બહુમતી છતાં પણ ધારાસભ્યોને જે રીતે સાચવવા પડે છે તે દર્શાવે છે કે કોંગ્રેસને તેના જ ચૂંટાયેલા સભ્યોમાં વિશ્વાસ નથી અને તેથી કર્ણાટકને હવે કેવી સરકાર મળશે તે પણ પ્રશ્ન છે. જોકે કોંગ્રેસના પ્રવકતાએ કહ્યું કે ભાજપ લોકચુકાદાને ઉઠલાવવા માટે જાણીતો છે અને તેથી અમે કર્ણાટકની જનતાનો દ્રોહ ન થાય તે જોવા માટે પ્રતિબંધ છીએ.

ઉતરપ્રદેશમાં મહાપાલિકાઓની યોજાયેલી ચૂંટણીમાં કમળ સર્વત્ર લહેરાયું

૧૭માંથી ૧૫ મહાપાલિકામાં ભાજપ, કોંગ્રેસ તથા બસપા એક–એકમાં આગળઃ નગરપાલિકા–પંચાયત ચૂંટણીમાં પણ ભાજપની જબરી સરસાઈ

લખનૌ.તા.૧૩

ઉતરપ્રદેશમાં મહાપાલિકાઓની યોજાયેલી ચૂંટણીમાં કમળ સર્વત્ર લહેરાયું છે. રાજયમાં ૧૭ મહાપાલિકાઓની ચૂંટણીની મતગણતરી આજે સવારથી શરૂ થઈ છે. જેમાં નવમાં ભાજપ આગળ છે અને બસપાને તથા કોંગ્રેસને એક-એક મહાપાલિકામાં સરસાઈ મળી છે પરંતુ સમાજવાદી પક્ષે હજુ એક પણ મહાપાલિકામાં સરસાઈ મેળવી નથી. ૧૭ મહાપાલિકાના મેયરની સીધી ચૂંટણીમાં કાનપુર, લખનૌ, ગાઝીયાબાદ, વારાણસી, ગોરખપુર, અયોધ્યા, બરેલી, અલીગઢ સહિત ૧૬માં ભાજપને સરસાઈ છે જયારે નગરપાલિકાના ચેરમેન (અધ્યક્ષ)ની ૧૯૯ પદોની ચૂંટણીમાં અત્યાર સુધીમાં ૭૬ના ફઝાન આવ્યા છે અને તેમાં ૪૦માં ભાજપ ૧૪માં સમાજવાદી પક્ષ, ૧૨માં બહુજન સમાજ પાર્ટી, ૪માં કોંગ્રેસ અને ૬માં અન્ય આગળ ચાલી રહ્યા છે. નગરપંચાયતના અધ્યક્ષની ચૂંટણીમાં ૫૪૪ સ્થળો પર મતગણતરી ચાલુ છે. જેમાં ૧૧૩ની સ્થિતિ સામે આવી છે અને ત્યાં પણ ભાજપ આગળ, કાનપુરમાં મેયરની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસના મહિલા ઉમેદવારો વચ્ચે નજીવી સરસાઈથી હારજીત થશે તેવા સંકેત છે અને આ રીતે કાનપુરમાં જો કોંગ્રેસ જીતશે તો તેનું 'ખાતું' ખુલશે તેવા સંકેત છે.

પેઢી રજીસ્ટ્રેશન કરાવનારની તમામ માહિતી જાણી લેશે

જીએસટી બોગસ પેઢીઓ શોધવા માટે હવે આધારકાર્ડની પણ મદદ લેશે

મુંબઈ,તા. ૧૩ :

જીએસટી વિભાગ દ્વારા ટેકસચોરીનું દૂષણ રોકવા માટે નવા-નવા પ્રયોગો કરવામાં આવી રહ્યા છે અને તેમા સફળતા પણ મળી રહી છે. જીએસટી વિભાગ અત્યાર સુધી મોટાભાગના કેસોમાં પાનકાર્ડ નંબરના આધારે બોગસ પેઢીઓને શોધી કાઢી અને તપાસની કાર્યવાહી શરૂ કરવામાં આવતી હતી. જોકે હવે વિભાગ દ્વારા આધારકાર્ડનો પણ ઉપયોગ કરવામાં આવશે

જીએસટીનો કાયદો જુલાઈ ૨૦૧૭થી લાગુ થયા પછી બોગસ બિલિંગ અને બોગસ પેઢીઓનું દૂષણ યથાવત છે. જીએસટી વિભાગ દ્વારા અનેક રીતે કૌભાંડીઓને ઝડપી પાડવા માટેના પ્રયાસો કરવામાં આવે છે અને તેમા સફળતા પણ મળે છે પરંતુ થોડા સમય બાદ કૌભાંડ કરનારાઓ નવી મોડસ ઓપરેન્ડીથી ટેક્સચોરીનો રસ્તો શોધી કાઢે છે. જીએસટી વિભાગ પાસે બોગસ પેઢીઓને શોધી કાઢવા માટે અનેક પ્રકારની વ્યવસ્થા છે. જીએસટી વિભાગ ખાસ કરીને પાનકાર્ડની મદદથી કૌભાંડીઓને શોધવાનો પ્રયાસ કરે છે. કોઇ પણ વ્યક્તિએ બોગસ પેઢી રજિસ્ટર્ડ કરવા માટે ઉપયોગમાં લીધેલા પાનકાર્ડ અને અન્ય ડોક્યુમેન્ટના આધારે આગળની તપાસ કરવામાં આવે છે. જેમાં કેટલાક કેસોમાં પેઢી રજિસ્ટર્ડ કરવા માટે કૌભાંડીઓએ બીજા લોકોના પાનકાર્ડ અને ડોક્યુમેન્ટ મેળવી લીધા હોવાની વાતો પણ સામે આવે છે અને તેમા રિકવરી પણ મુશ્કેલ બની જાય છે. આવા કેસોમાં વિભાગને પણ મૂળ માલિક સુધી પહોંચવામાં મુશ્કેલી થાય છે. જોકે હવે વિભાગે આધાર કાર્ડના ડેટાને પણ ઉપયોગમાં લેવાનો નિર્ણય લીધો છે.

સોલાર વીજળી પુરી પાડવા તૈયારી શરૂ

મોઢેરા પછી હવે કૃષ્ણભૂમિ દ્વારકાને સંપૂર્ણ 'સોલાર વીજળી'થી ઝળહળતું કરવાની તૈયારી

PGVCL દ્વારા ઉત્પાદન ક્ષમતા સહિતના પાસાઓનું આકલન

રાજકોટ તા.૧૩

ગુજરાતમાં મોઢેરા બાદ હવે કૃષ્ણભૂમિ દ્વારકાને સંપૂર્ણ સોલાર વિજળી પુરી પાડવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. પશ્ચિમ ગુજરાત વિજ કંપની (પીજીવીસીએલ) દ્વારા પ્રોજેકટ તૈયાર કરવામાં આવ્યો છે અને કેટલા યુનિટ સોલાર વિજળી ઉત્પન્ન થઈ શકે તેનું આકલન કરવામાં આવી રહ્યું છે. સૂર્યમંદિર માટે વિખ્યાત મોઢેરા હાલ દેશનું એકમાત્ર એવુ શહેર છે જયાં સૌર ઉર્જા થકી વીજળી પુરી પાડવામાં આવે છે. ઓકટોબર ૨૦૨૨માં આ પ્રોજેકટ લાગુ થયો હતો. હવે સરકારે દ્વારકાને સોલાર વીજળી પુરી પાડવા તૈયારી શરૂ કરવામાં આવી છે.

દ્વારકા વિખ્યાત યાત્રાધામ છે અને લાખો લોકો ભગવાન કૃષ્ણના દર્શને આવે છે.

સાથોસાથ નજીકના શિવરાજપુર બીચનું આકર્ષણ વધ્યું હોય તેમ ત્યાં પણ પ્રવાસીઓ ઉમટી રહ્યા છે. દ્વારકામાં ૨૦૦ જેટલી હોટલો તથા ધર્મશાળાઓ છે જયાં પ્રવાસીઓ રોકાણ કરતા હોય છે. પીજીવીસીએલના સૂત્રોએ જણાવ્યું હતું કે, દ્વારકાનો વાર્ષિક વીજ વપરાશ બે કરોડ યુનિટનો છે અને ત્યાં સોલારથી આટલુ વીજ ઉત્પાદન શકય બને તો શહેરને 'સોલાર પાવર્ડ ટાઉન' ઘોષિત કરી શકાય તેમ છે. શહેરના તમામ રહેણાંક, કોમર્શિયલ, હોટલ તથા ધર્મશાળાઓમાં સોલાર પ્રોજેકટ લગાવવાથી તે શકય બની શકે તેમ છે.

વીજતંત્ર દ્વારા સંબંધિત પક્ષકારો સાથે શ્રેણીબદ્ધ બેઠક યોજીને સૌર ઉર્જાના ઉત્પાદન માટે આગ્રહ કરવામાં આવી રહ્યો છે. રહેણાંક વીજજોડાણ ધરાવતા ગ્રાહકો માટે 'સૌર્ય ગુજરાત' સ્કીમ અમલમાં છે અને તેમાં સબસીડી મળી શકે છે. સરકારી ઈમારતોની જવાબદારી 'ગેડા' સંભાળશે. પીજીવીસીએલના ચીફ એન્જીનિયર આર.જે.વાળાએ જણાવ્યું હતું કે હોટલ તથા ધર્મશાળાઓને સસ્તા સોલાર પાવર મોડલ પર કામ કરવામાં આવી રહ્યું છે. સોલાર ઉત્પાદનની માળખાકીય સુવિધા માટે તેઓએ મૂડીરોકાણ કરવું પડે તેમ છે.

નવુ સંકટ! અનેક ભાગોમાં 'ત્રાટુચક્ર' પણ બદલાવાનો ખતરોઃ અમેરિકી એજન્સીનો ચિંતા જન્માવતો રિપોર્ટ

અલ-નીનોના પ્રભાવથી દુષ્કાળ-પુરની હાલત સર્જાશે

એશિયન દેશોમાં દુષ્કાળ તથા અમેરિકી રાષ્ટ્રોમાં પૂર સંકટ ઉભુ થશે



નવી દિલ્હી,તા.૧૩

કલાયમેટ ચેન્જનાં પડકારનો સામનો કરી રહેલી દુનિયાને આવતા મહિનાઓમાં નવા સંકટનો સામનો કરવો પડી શકે તેમ છે.અમેરીકાનાં કલાયમેટ પ્રેડીકશન સેન્ટરે એવો દાવો કર્યો છે કે અલનીનોનાં પ્રભાવથી એશીયન દેશોમાં દુષ્કાળ તથા અમેરીકી રાષ્ટ્રોમાં પુરનું સંકટ સર્જાઈ શકે છે.

એજન્સીનાં રીપોર્ટમાં દર્શાવ્યા પ્રમાણે અલ-નીનોનો ૯૦ ટકા જ પ્રભાવ ઉતરીય ગોળાર્ધમાં જોવા મળવાની શકયતા છે.જુલાઈ મહિનાથી તેની અસર દેખાવા લાગશે અને નવેમ્બર થી જાન્યુઆરી સુધી અસર પરાકાષ્ટાએ પહોંચે છે.

જાપાનનાં હવામાન વિભાગે પણ અલ-નીનો વિશે ચિંતા દર્શાવીને તેના પ્રભાવની સંભાવના ૮૦ ટકા જેવી ઉંચી હોવાનો રીપોર્ટ જારી કર્યો હતો. અમેરીકન કલાયમેટ પ્રેડીકશન સેન્ટરે વિસ્તૃત રીપોર્ટમાં એમ કહ્યું છે કે પુર્વ તથા મધ્ય પ્રશાંત ક્ષેત્રનાં મહા સાગરોમાં ગરમી વધવાથી કૃષિક્ષેત્રને નુકશાન થશે. અમેરીકામાં ભારે વરસાદ તથા પૂરને કારણે માર પડશે.ગરમી-તાપમાન વધવાથી જંગલોમાં આગ લાગવાની ઘટના દાવાનળની સંખ્યા વધશે.

એટલે જંગલોને પણ નુકશાન મોટુ થશે.દુનિયાનાં અનેક દેશોનાં મૌસમ ચકમાં મોટો બદલાવ થવાની આશંકા છે અને તેની સીધી અસર મનુષ્યનાં જીવન તથા અર્થ વ્યવસ્થા પર થઈ શકે છે. અલ-નીનોની અસરતી ભુમધ્ય રેખા તથા પશ્ચિમ તરફ કુંકાતો પવન ધીમો પડી જતો હોય છે. ગરમ પાણીનું વહેણ પુર્વ તરફ જવાથી મહા સાગરોની સપાટીનું તાપમાન વધે છે. વરસાદ વિના ન્યુનતમ તાપમાન પણ વધે છે. રીપોર્ટમાં દર્શાવાયા પ્રમાણે અલ-નીનોના પ્રભાવથી ભારત તથા ઓસ્ટ્રેલીયામાં દુષ્કાળ જેવી હાલત સર્જાવાનું જોખમ વધુ રહેશે. સમુદ્રી સપાટી ગરમ બનવાથી જળચરને પણ મોટુ નુકશાન થઈ શકે છે. કૃષિ ઉત્પાદનમાં મોટો ઘટાડો થવાની ભીતિ છે. ઈમ્પીરીયલ કોલેજ લંડનના આઝાદ વિજ્ઞાની ફ્રેડરીક ઓટ્ટોએ કહ્યું કે અલ-નીનોના કારણે કલાયમેન્ટ ચેન્જના દુષ્પ્રભાવનો વ્યાપ પણ વધવાની ભીતિ છે. દુનિયાના દેશો અત્યારે પણ હીટવેવ, દુષ્કાળ, જંગલોમાં આગ જેવી ઘટનાઓનો પડકાર ઝેલી રહ્યા છે તેનો વ્યાપ વધવાના સંજોગોમાં નવો પડકાર ઉભો થઈ શકે છે.

ગરમી–તાપમાનનો ૨૦૧૬ નો રેકોર્ડ ૨૦૨૩ માં તૂટશે

હવામાન નિષ્ણાંતોના કહેવા પ્રમાણે અલ-નીનોના પ્રભાવથી ગરમી-ઉંચા તાપમાનનો રેકોર્ડ ચાલુ વર્ષે ૨૦૨૩ માં તૂટવાની આશંકા છે. ભારતીય હવામાન વિભાગ દ્વારા અલ-નીનોની સંભાવના ૭૦ ટકાની ગણાવવામાં આવે છે અને જુન-જુલાઈ ઓગસ્ટમાં તેનો પ્રભાવ વધુ રહેવાનું જણાવવામાં આવ્યુ છે. ભારતમાં નજીકનાં ભુતકાળમાં ૯ વખત અલ-નીનોનો પ્રભાવ રહ્યો હતો તેમાંથી ૨૦૦૩, ૨૦૦૫, ૨૦૦૯-૨૦૧૦ તથા ૨૦૧૫-૧૬ માં અછત જેવી હાલતનો પણ સામનો કરવો પડયો હતો. અલ-નીનોને કારણે વરસાદમાં ૧૫ ટકાના ઘટાડાનું અનુમાન છે.

કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની ભવ્ય જીતની રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા કરાઇ ઉજવણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૩ઃ તા. ૧૩ ના રોજ કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ ની ભવ્ય જીતની રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા શ્રી બાલાજી મંદિરે દર્શન કરી, મીઠાઈ ખવડાવી અને ફટાકડા ફોડી ઉજવણી કરવામાં આવેલ. આજના કાર્યક્રમમાં શહેર કોંગ્રેસ કાર્યકારી અધ્યક્ષ સંજય અજુડીયા, પ્રદેશ ઉપપ્રમુખ ગાયત્રી બા વાઘેલા, પ્રદેશ મહામંત્રી ભરતભાઈ મકવાણા, શહેર મહિલા કોંગ્રેસ પ્રમુખ દિમીબેન સોલંકી, સુરેશભાઈ બથવાર, પૂર્વ વિપક્ષી નેતા પ્રવીણભાઈ રાઠોડ, પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આશવાણી, અતુલભાઈ રાજાણી, તેમજ ફન્ટલ સેલના ચેરમેનો ચિંતનભાઇ દવે, નરેશભાઈ સાગઠીયા, નિલેશભાઈ વિરાણી, વોર્ડ પ્રમુખો રમેશભાઈ જુનજા, ગીરીશભાઈ ઘરસંડિયા, કેતનભાઈ તાળા, પ્રવીણભાઈ મુછડીયા તેમજ આગેવાનો અશોકસિંહ વાઘેલા, અજીતભાઈ વાંક, ભાવેશ પટેલ, ગૌરવભાઈ પૂજારા, રણજિત મુંધવા, ગેલાભાઈ મુછડીયા, કનકસિંહ જાડેજા, રાણા ભાઇ સોલંકી, મયુરભાઇ શાહ સહિતના આગેવાનો કાર્યકરો ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા. તેમ ગોપાલ મોરવાડીયાએ જણાવ્યું છે.

આવતીકાલની જામનગર-વડોદરા ઇન્ટરસિટી એક્સપ્રેસ અમદાવાદ સુધી જશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૩

વડોદરા ડિવિઝનમાં આવેલ રનોલીઅને બાજવા સ્ટેશન વચ્ચે સ્થિત બ્રિજ નંબર ૬૧૪ પર ગર્ડર લોંચ કરવા માટે એન્જિનિયરિંગ બ્લોક લેવામાં આવશે જેના લીધે રાજકોટ ડિવિઝનથી પસાર થનારી જામનગર-વડોદરા ઇન્ટરસિટી એક્સપ્રેસ આંશિક રીતે રદ કરવામાં આવેલ છે.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ સુનિલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આવતીકાલ તા. ૧૪ ના રોજ, ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઇન્ટરસિટી એક્સપ્રેસ જામનગર સ્ટેશનથી રવાના થઈને અમદાવાદ સ્ટેશન સુધી જશે. આમ આ ટ્રેન અમદાવાદ-વડોદરા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરી શરૂ કરે અને ટ્રેનની કામગીરી સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લે જેથી કરીને કોઈ અસુવિધા ન થાય. તેમ જણાવ્યું છે. (૧૩)

'વેલકમ' સમર ટ્રેનીંગ કલાસનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૩

શ્રી મહિલા સેવા સમિતી - પટેલવાડી, વાણીયાવાડી,રાજકોટ દ્વારા સર્વ જ્ઞાતિના બાળકો તથા બહેનો માટે માત્ર રૂ.૧૦૦ના ટોકન દરે તા.૨૨ થી તા. ૩૧ મે થી ૯ દિવસ સુધી 'વેલકમ' સમર ટ્રેનીંગ કલાસનું આયોજન પટેલવાડી, ૧/૧૦ દયાનંદનગર, વાણિયાવાડી, રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે.

જેમાં બપોરે ૨ થી ૪ વાગ્યા સુધી ભરતકામ, મહેંદી, ડાન્સ, પેઈન્ટીંગ, ફેશન ડિઝાઈન તથા બપોરે ૪ થી ૬ વાગ્યા સુધી બ્યુટીપાર્લર, દાંડિયા, , ડ્રોઈંગ, , રીયલ ફલાવર્સ, બેકરી આઈટમ, કરાટેના વર્ગો નિષ્ણાંતો દ્વારા લેવામાં આવશે.

દરેક વર્ગમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવાનો હોવાથી વહેલી તકે નામ નોંધાવી લેવું અનિવાર્ય છે. વધુ માહિતી માટે સંસ્થાનાં મીનાબેન પરસાણા મો. ૯૯૦૪૯ ૨૪૨૩૪, ૯૫૮૬૫ ૨૧૦૩૧ નો સંપર્ક કરવાનો રહેશે. તેમ જણાવ્યું છે.

શહેર ભાજપ કમલમ કાર્યાલય ખાતે ગાય આધારિત ટેકનોલોજી, પ્રોડકટસને ઉદ્યોગના પ્રમોશન માટેના એકસપો અંગે બેઠક યોજાઈ

ગૌ એક્સપો અંતર્ગત ડો. વલ્લભ કથીરીયાએ માર્ગદર્શન આપ્યું: પાર્ટીના આગામી કાર્યક્રમો અંતર્ગત માહિતી આપતા કમલેશ મિરાણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૩

શહેરના રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે ગાય આધારિત ટેકનોલોજી, પ્રોડકટસને ઉદ્યોગના પ્રમોશન માટેનો દેશનો સૌપ્રથમ અને સૌથી મોટો એકસપો યોજાઈ રહયો છે ત્યારે આ એકસપોનો લાભ લેવા માટે રાજકોટ શહેર ભાજપ કમલમ કાર્યાલય ખાતે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીની અધ્યક્ષતામાં અને સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, ગૌ પાલક બોર્ડના ચેરમેન ડો. વલ્લભભાઈ કથીરીયા, શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, રક્ષાબેન બોળીયાની ઉપસ્થિતિમાં એક સંગઠનાત્મક બેઠક યોજાઈ હતી. આ

બેઠકમાં કમલેશ મિરાણીએ પાર્ટી દ્વારા યોજાનાર આગામી અનેકવિધ કાર્યક્રમો અંતર્ગત માહિતી આપેલ હતી, તેમજ આગામી સમયમાં રાજકોટ મહાનગર ખાતે યોજાઈ રહેલ દેશના સૌપ્રથમ ગૌ એક્સપોમાં કાર્યકર્તાઓને જોડાવવા અંગે માર્ગદર્શન પુરુ પાડેલ હતું.

આ તકે ડો. વલ્લભભાઈ કથીરીયાએ ગૌ એક્સપો અંતર્ગત જણાવેલ કે રાજયમાંથી ગાય આધારિત ખેતીની સૌથી વધુ સફળતા મળી રહી છે. ત્યારે આ સફળતાને ધ્યાનમાં રાખીને રાજકોટ ખાતે દેશનો સૌથી મોટો ગૌ આધારીત એક્સપો યોજાઈ રહયો છે.

આ બેઠકમાં શહેર ભાજપના હોદેદારો, વોર્ડ પ્રભારી,પ્રમુખ, મહામંત્રી, મોરચાના પ્રમુખ, મહામંત્રી, સેલના સંયોજકો સહિતના બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકને સફળ બનાવવા શહેર ભાજપ કોષાધ્યક્ષ અનીલભાઈ પારેખ અને કાર્યાલય મંત્રી હરેશ જોષીએ જહેમત ઉઠાવી હતી. (૧૩)

પ્રમુખનગર સંસ્કારધામ ખાતે તા.૧૫ થી ૧૭ દરમ્યાન પાટોત્સવ પર્વ ઉજવાશે

બીએપીએસ સ્વામિનારાયણ સંસ્કારધામોમાં પાટોત્સવ પર્વની ભવ્ય ઉજવણી

આજે રાત્રે કીર્તન આરાધનાનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૩

રાજકોટ ખાતે ગતવર્ષે ૪ નૂતન સંસ્કારધામોની પ્રતિષ્ઠા સંપન્ન થઈ હતી. આ વર્ષે સંસ્કારધામોના પાટોત્સવ પર્વની ભવ્યતાપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત બીએપીએસ સ્વામિનારાયણ મંદિર દ્વારા તમામ સંસ્કારધામ ખાતે ત્રિ-દિવસીય પાટોત્સવ પર્વની ઉજવણી અંતર્ગત બાળ-બાલિકા સંમેલન, યુવક-યુવતી સંમેલન, પુરૂષ અને મહિલા સંમેલનોનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં બુધવારે પાટોત્સવના દિવસે રાજકોટના પૂર્વ ધારાસભ્ય અને ગુજરાત અરવિંદભાઈ રૈયાણી પણ ઉપસ્થિત રહ્યા હતા. યુનિવર્સિટી રોડ સંસ્કારધામ ખાતે છેલ્લા ૨ દિવસથી પાટોત્સવ પર્વની ઉજવણી ચાલી રહેલ છે અને આજે પાટોત્સવ ઉજવાઈ રહ્યો છે. આજે રાત્રે ૮:૩૦ થી ૧૧ દરમ્યાન કીર્તન આરાધનાનું પણ આયોજન છે.

મહિલા સંમેલન અંતર્ગત મહિલા સભ્યો દ્વારા મંદિર દ્વારા ચાલતી વિવિધ મહિલા ઉત્કર્ષ પ્રવૃત્તિઓ વિષયક વિવિધ પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી. પાટોત્સવના દિવસે સવારે મંદિરેથી તમામ પૂજનીય સંતો ઉપસ્થિત રહ્યા હતા. આ પાટોત્સવ અવસર પર રાજકોટના શ્રેષ્ઠીજનો તથા ભાવિક ભક્તજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

હજુ આવનારા દિવસોમાં પ્રમુખનગર સંસ્કારધામ ખાતે તા.૧૫ સોમવારથી તા.૧૭ બુધવાર દરમ્યાન પાટોત્સવ પર્વ ઉજવાશે. જે અંતર્ગત સોમવારે બપોરે ૪ થી ૭ બાળ-બાલિકા સંમેલન, મંગળવારે બપોરે ૩ થી ૬ મહિલા સંમેલન, રાત્રે ૮:૩૦ થી ૧૧ યુવક-યુવતી સંમેલન અને બુધવારે સવારે ૭ થી ૯ દરમ્યાન પાટોત્સવ પૂજનવિધિ, અન્નકૂટ દર્શન અને રાત્રે ૮:૩૦ થી ૧૧ કિર્તન આરાધનાનો લાભ મળશે. જયારે શ્રધ્ધાપાર્ક સંસ્કારધામ ખાતે તા.૧૮ ગુરૂવારથી તા.૨૦ શનિવાર દરમ્યાન પાટોત્સવ પર્વ ઉજવાશે જે અંતર્ગત ગુરૂવારે બપોરે ૪ થી ૭ બાળ-બાલિકા સંમેલન, શુક્રવારે બપોરે ૩ થી ૬ મહિલા સંમેલન, રાત્રે ૮:૩૦ થી ૧૧ યુવક-યુવતી સંમેલન અને શનિવારે સવારે ૭ થી ૯ દરમ્યાન પાટોત્સવ પૂજનવિધિ, અન્નકૂટ દર્શન અને રાત્રે ૮:૩૦ થી ૧૧ કીર્તન આરાધનાનો લાભ મળશે.

ભાવિક - ભક્તજનોને સંસ્કારધામમાં નિત્ય ભગવાનનાં દર્શન સવારે ૭:૩૦ થી ૧૨ અને સાંજે ૪ થી ૯ સુધી થશે. જેમાં સવારે ૭:૧૫ વાગ્યે શણગાર આરતી તેમજ સાંજે ૭ વાગ્યે સંધ્યા આરતીનો લાભ મળી રહ્યો છે. ભારતીય સંસ્કૃતિની ધરોહર સમા સંસ્કારધામો દ્વારા થઈ રહેલા અનેક સમાજ ઉપયોગી કાર્યોમાં યશભાગી બનવા માટે રાજકોટ મંદિરના કોઠારી પૂજ્ય બ્રહ્મતીર્થ સ્વામી અને પૂજ્ય અપૂર્વમુનિ સ્વામી દ્વારા સર્વે ભાવિકજનોને પહેલ કરવામાં આવી છે. તેમ જણાવ્યું છે. (૧૩)

પાંચ પેઢીથી જેની નશેનશમાં લોકસાહિત્યની ધારાઓ વહે છે એવા યુવા પેઢીના તેજસ્વી લોકસાહિત્યકાર ઉદયદાન ગઢવી

નાની ઉંમરથી પિતાજી સાથે કાર્યક્રમમાં જવાથી સંગીતનું પ્રારંભીક જ્ઞાન પ્રાપ્ત કરવાની તક મળી, છેલ્લા આઠ વર્ષથી લોકસાહિત્ય અને ચારણી સાહિત્યના ગીતોના કાર્યક્રમો આપતા આ કલાકાર અભ્યાસની સાથે સંગીત સાધનાનો સમન્વય કરવામાં માહેર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૩

છેલ્લી પાંચ-પાંચ પેઢીથી લોકસાહિત્યના સંસ્કાર જેની રગેરગમાં સમાયેલા હોય એવા કલાકારને લોકસાહિત્યના મંચ પર આવવામાં વાર લાગે જ નહીં અને લોકસાહિત્યનું આવું પ્રતિભા શાળી અને તેજસ્વી નામ એટલે ઉદયદાન ગઢવી છે. એ છેલ્લા સાત-આઠ વર્ષથી લોકડાયરામાં લોક સંગીત અને ચારણી સાહિત્યની રમઝટ બોલાવી રહ્યા છે. માતાજીનું આલ્બમ બહાર પાડવાની ઇચ્છા ધરાવતા ઉદયદાન ગઢવી કલારસીક જનતા પરિવાર સાથે બેસીને આનંદ માણી શકે એવું સાહિત્ય શુધ્ધ રૂપમાં રજૂ કરવાની ભેટ બાંધીને લોક સાહિત્યને નવો નીખાર આપી રહ્યા છે.

સૌરાષ્ટ્ર ક્રાંતી સાથે વાતચીત કરતા યુવા લોકસાહિત્યકાર જણાવે છે કે, પાછલી પાંચ પેઢીથી અમારી પેઢીનો લોકસાહિત્ય સાથે નાતો રહ્યો છે. હું નાની ઉંમરથી જ મારા પિતાની સાથે કાર્યક્રમોમાં જતો હતો અને લોકસાહિત્યનો નાનપણથી જ આત્મસાત કર્યું અને મારી નશેનશમાં ઉતાર્યુ. છેલ્લા સાત-આઠ વર્ષથી કાર્યક્રમો કરી રહ્યો છું. સૌવ પ્રથમ મને સૌથી મોટું સ્ટેજ મળ્યું એ મારા જીવનનો પહેલો સૌથી મોટો કાર્યક્રમ સેન્ટ્રલ જેલમાં યોજાયો હતો. જયાં અંદાજે ૧૫૦૦ થી ૨૦૦૦ કેદીઓની સામે લોકસંગીત પીરસવાનો આનંદ અનેરો રહ્યો હતો.

દરેક લોક ગાયક માટે જીવનમાં રીયાઝ અનીવાર્ય છે. એ જ પરંપરા ઉદયદાન પણ જાળવે છે. ધો.૧૨ના અભ્યાસ પછી તેઓ સંગીતની સતત પ્રેકટીસ કરે છે અને હારમોનીયમ પર સતત રીયાઝ કરતા રહે છે અને પોતાની પ્રતિભાને વધુને વધુ નીખારવા મહેનત કરતા રહે છે.

ઉદયદાને સૌરાષ્ટ્ર ક્રાંતી સાથેની વાતમાં એક ખુબ જ રસપ્રદ અને ધ્યાનઆકર્ષક વાત કરી કે, લોકડાયરા હોય ત્યારે ગુજરાતી ગીત, સાહિત્યની ફરમાઈસ થતી જ હોય છે. પણ સ્ટેજ પરથી હું એવું બોલવા માંગુ છું કે અને એવું ગાવા માંગુ છું કે, માતાઓ, બહેનો, યુવાનો અને વડીલો દરેકને સાથે બેસીને સાંભળવું ગમે અને મજા આવે. લોકડાયરાની તેમજ લોકસાહિત્યની અને ચારણીસાહિત્યની આપણી પરંપરાગત સંસ્કૃતિ અણી શુધ્ધ જળવાઇ, તેમાં કોઇ ભંગ ન પડે અને એ પરંપરાને જ આગળ ધપાવતા રહેવાની મારી અંતરની ઇચ્છા છે.

બીજી પોતાની મહત્વની આંતરીક ઇચ્છા વ્યકત કરતા તેઓ કહે છે કે, આઇ રૂપલ માંના સાનિધ્યમાં માતાજીની સામે બેસીને લોકડાયરો કરવો, લોકગીતો ગાવા એવી અંતરની ઇચ્છા છે. જેથી કરીને માતાજીની કૃપાદ્રષ્ટિ મારા પર રહે. ભવિષ્યમાં આઇ રૂપલ માંનો આલ્બમ રજૂ કરવાની મારા હદયની ઉડાણે ઘરબાયેલી ઇચ્છા માતાજી પુરી કરે એવી જ મારી માતાજી પાસે પ્રાર્થના છે. તેઓ આઇ રૂપલ માંના અનન્ય ભકત છે.

અન્ય સાહિત્યકારો અંગે વાત કરતા તેમણે કહ્યું કે, દેશ-વિદેશમાં પ્રસિધ્ધ લાખણશીભાઇ, ઇશરદાન ગઢવી અને પદ્મશ્રી ભીખુદાન ગઢવીને સાંભળવા ગમે છે.(૨.૧૧)

ભવિષ્યમાં રૂપલ માંનું ગીતોના આલબ્મ રજૂ કરવાની અંતરની ઇચ્છા વ્યકત કરતા ઉદયદાનયઃ લોકસાહિત્ય સંગીત અને ચારણી સાહિત્યને લોકો સહપરિવારમાણી શકે એ રીતે શુધ્ધ રૂપમાં જ પ્રસ્તુત કરવાની ભેટ બાંધીને લોકસાહિત્યની સેવા કરી રહ્યા છે આ યુવા કલાકાર

તંત્રી લેખ

યુવાનોના શરીરમાં વધતી જતી સ્થૂળતા...

બાળકો અને યુવાનોના શરીર આજકાલ જે રીતે સ્થૂળતા વધારતા જાય છે તેમાં જંકફૂડનું વિશેષ યોગદાન છે. જંકફૂડની ગુણવત્તાની બાબતમાં બ્રિટન અને અમેરિકા સ્ટારરેટિંગ ધરાવે છે. ભારતે ત્યાં સુધી પહોંચવામાં એક યુગ લાગે તે સ્વાભાવિક છે પરંતુ ત્યાં સુધીમાં ભારતની નવી પેઢીનું શરીર સૌષ્ઠવ અને તંદુરસ્તી બંને હોમાઈ જાય એનું શું? છતાં ખાદ્ય સુરક્ષા અને ગુણવત્તા નિયમન વિભાગે હવે શરૂઆત કરી છે એ સારી બાબત છે. પ્રજાને જંકફૂડ ખાતા અટકાવવાનું કામ હવે તો અસંભવ છે એટલે એની ગુણવત્તામાં નિયમન સિવાયનો કોઈ ઉપાય તરતમાં તો સરકાર પાસે નથી. એવું નથી કે જંકફૂડની થતા નુકસાન અંગે તેના પુખ્ત ઉપભોક્તાઓ અજ્ઞાત છે. બધા બધું જ જાણે છે પરંતુ પાલન કરવાની કે સભાનતા કેળવવાની વૃત્તિનો જ અભાવ છે. ભારત સરકારે પેકિંગમાં વેચાઈ રહેલા ખાદ્યપદાર્થોના ઉત્પાદનમાં કેટલાક નવા નિયમો દાખલ કરવાનું નક્કી કર્યું અને એને કારણે દેશમાં બનતા અને બજારમાં વેચાતા તમામ ડબાબંધ કે પડીકાબંધ ખાદ્ય પદાર્થો પર તેમાં રહેલા પ્રોટીન, ચરબી, સુગર, તથા અન્ય કેમિકલની માત્રા અંગે સ્પષ્ટતા જાહેર કરવી ફરજિયાત બની છે પરંતુ જંકફૂડના શોખીનો પાસેએ વાંચવાનો સમય નથી. લોકડાઉનના સમયમાં સંપૂર્ણ ઘરનિર્ભર ખોરાકનો લાભ પામીને ધન્ય થયેલા એ શોખીનો અનલોક પછી ફરી એ જ મોજ અને એ જ શોખમાં વ્યસ્ત દેખાય છે. આને કારણે ઉત્પાદક કંપનીઓ તો હવે સરકારે ઠરાવેલા ધોરણોનું કડક પાલન કરે છે અને પાલન જેઓ નહીં કરતા હોય તેવા તમામ ડબાબંધ કે પડીકાબંધ આહાર પર જેમ શાકાહારી ઉત્પાદનનો પર લીલા ટપકાનો સંકેત હોય છે તેમ પ્રોટીન વિટામિનની માત્રાના સરકારે ઠરાવેલા નિયમોનો અમલ ન થયો હોય ત્યાં લાલ ટપકું લગાવે પણ છે પરંતુ એ જુએ કોણ? તાજેતરના નવા સર્વેક્ષણ પ્રમાણે ગૃહિણી તરીકેની જવાબદારી સંભાળી રહેલી મહિલાઓએ નોકરી અને વ્યવસાયમાં ઝંપલાવ્યા પછી દુનિયાભરમાં તૈયાર ખોરાકી સામગ્રીના વેચાણમાં ધરખમ વધારો થયો છે. ઓક્સફોર્ડ યુનિવર્સિટીના ઈન્સ્ટિટ્યૂટ ફોર ગ્લોબલ હેલ્થના નવા સંશોધન પ્રમાણે ડબાબંધ કે પડીકાબંધ વેચાઈ રહેલી અનેક પ્રકારની ખાદ્ય-સામગ્રી આરોગ્યને ગંભીર નુકસાન કરે છે. પેકિંગમાં મળતી સામગ્રીની ગુણવત્તાની બાબતમાં દુનિયાના વિવિધ દેશોમાં હાથ ધરવામાં આવેલા સંશોધનોમાં ભારત બહુ પાછળના ક્રમે છે. આ પ્રકારના ભારતીય ઉત્પાદનોમાં આરોગ્ય અને વસ્તુશુદ્ધિ અંગે કોઈ ઠેકાણા હોતા નથી.

સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક
ADVERSITING HERE
ઘરે બેઠા મિનિટોમાં વ્હોટ્સએપ દ્વારા આપની ટ્યૂકડી જાહેરાત પ્રસિધ્ધ કરાવો
એક લાઈનના 5 Rs.
મિનીમમ ૫ લાઈન ફરજીયાત
+5%GST
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

શ્રી મોઢ વણિક યુવા ગ્રુપ-રાજકોટ આયોજીત ત્રિવિધ કાર્યક્રમ સંપન્ન

ફાલ્ગુનીબેન કલ્યાણી અને ડો. વિરલભાઈ પારેખ મોઢ વણિક યુવા ગ્રુપ દ્વારા કરાયું સન્માન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૩

તાજેતરમાં શ્રી મોઢ વણિક યુવા ગ્રુપ-રાજકોટ આયોજીત શ્રીનાથજી ધ્વજાજી દર્શન મનોરથ તથા સમસ્ત મોઢ વણિક જ્ઞાતિજનો માટે મહાપ્રસાદનું આયોજન મોઢ વણિક વિદ્યાર્થી ભવન, ૫-રજપુતરા, રાજકોટ ખાતે રાખવમાં આવેલ, જેમાં બહોળી સંખ્યામાં મોઢ વણિક જ્ઞાતિજનો ત્થા વૈષ્ણવ પરીવાર જોડાઈને સર્વેએ લીધેલો ઉથાપન-ભોગ આરતી દર્શનનો અમૂલ્ય લાભ.

કાર્યક્રમના પ્રથમ ચરણમાં રાષ્ટ્રીયશાળા ખાતેથી શ્રીનાથજીની ધ્વજાજી ગાડીમાં બીરાજમાન કરી, ૫૧ કળશધારી બહેનો, બેન્ડવાજાના સુરીલા સંગીત સાથે શોભાયાત્રાનો પ્રારંભ કરી, વાજતે-ગાજતે શોભાયાત્રા રાજમાર્ગ પર પસાર થઈ, મોઢ વણિક વિદ્યાર્થી ભવનનાં દ્વારે

પહોંચેલ. પુરા રાજમાર્ગ પર બહેનોએ રાસની રમઝટ બોલાવેલ.રાજકોટ શહેરના અગ્રણીઓ તથા સમગ્ર વૈષ્ણવ આ શોભાયાત્રામાં ખૂબ જ ભાવ અને આસ્થાભેર જોડાયેલ. સર્વે જ્ઞાતિજનોએ ધ્વજાજી પર પુષ્પવર્ષા કરીને પુરા રાજમાર્ગને પુષ્પથી ઢંકાઈ ગયેલ. સમગ્ર શોભાયાત્રાને ઉપરણા ધારણ કરાવીને દરેક ધ્વજાજી મનોરથીને વિશેષ બેજ સન્માન સાથે અર્પેલ.

ધ્વજાજીને ખૂબ જ આદર સત્કાર સાથે મોઢ વણિક વિદ્યાર્થી ભવનના અ.સી.હોલમાં બીરાજમાન કરી શ્રીજીને દુધ ઘરની, તથા અન્ય સામગ્રી ધરવામાં આવેલ. શ્રીજીએ ભોગ આરોગ્યા બાદ ઉથાપન-ભોગ આરતીના દર્શનનો લાભ સર્વે જ્ઞાતિજનોએ બહોળી સંખ્યામાં લીધો. લોકોએ ધન્યતા અનુભવી. ભારતભરના ઈતિહાસમાં જ્ઞાતિ લેવલે શ્રીનાથજીની ધ્વજાજી દર્શનનું આયોજન થયું તેવો પ્રથમ બનાવ હતો.

જેનો શ્રેય મોઢ વણિક યુવા ગ્રુપને ફાળે જાય છે. સમસ્ત મોઢ વણિક જ્ઞાતિના અઢી હજારથી વધારે લોકોને મહાપ્રસાદનો લાભ લીધો. ઉપરોકત કાર્યક્રમ દરમ્યાન ફાલ્ગુનીબેન કલ્યાણીએ તાજેતરમાં કોર્પોરેશન વોર્ડ ઓફીસર તરીકે શ્રેષ્ઠ કામગીરી કર્યા બદલ કલેકટર હસ્તક સન્માન કરવામાં આવેલ તેમજ ડો. વિરલભાઈ પારેખ હેલ્થ સર્જનની કોન્ફરસમાં ૭૦૦ વ્યકિતમાંથી ફકત પાંચ વ્યકિતનું સીલેકશન કરવાનું હતું. તેમાં આપણાં મોઢ વણિક જ્ઞાતિના ડો. વિરલભાઈ પારેખનું સીલેકશન થતાં આ બન્ને મોઢ વણિક જ્ઞાતિનું ગૌરવ વધારનાર જ્ઞાતિબંધુને મોઢ વણિક યુવા ગ્રુપે મોમેન્ટો અર્પીને જાહેર સન્માન કરવામાં આવેલ.

ઉપરોકત ધ્વજાજીના ધાર્મિક કાર્યક્રમમાં પોતાનું યોગદાન આપી મનોરથી બનવાની સેવામાં મનોરથી જયંતિલાલ કાનજીભાઈ પારેખ સહિતનાએ ધાર્મિક સેવાનો લાભ લીધેલ છે. મોઢ વણિક યુવા ગ્રુપ સર્વે મનોરથી પ્રત્યે જાહેર આભારની લાગણી પ્રદર્શિત કરે છે.

ઉપરોકત ધાર્મિક કાર્યક્રમને યશસ્વી બનાવવામાં મંડળના પ્રમુખ કિરેનભાઈ છાપીયા, માનદ મંત્રી કેતનભાઈ પારેખ, ચેરમેન કેતનભાઈ મેસ્વાણી, કારોબારી સભ્ય ડો. કમલેશભાઈ પારેખ સહિતના તથા યુવા ગ્રુપની પુરી ટીમએ સેવા અર્પતા, પ્રચાર-પ્રસાર સેવા અશ્વિનભાઈ પટેલએ પુરી પાડેલ.

ધ્વજાજી દર્શન કાર્યમાં કિરીટભાઈ પટેલએ માર્ગદર્શન પુરુ પાડેલ. કાર્યક્રમનું સંચાલન મંડળના માનદ મંત્રી કેતનભાઈ પારેખએ કરેલ.

આભાર વિધી મંડળના પ્રમુખ કિરેનભાઈ છાપીયાએ કરેલ તેમ મંડળના ચેરમેન કેતનભાઈ મેસ્વાણી (મો.૯૪૮૪૫ ૬૪૬૯૪)ની યાદીમાં જણાવાયું છે. (૧૩)

ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની મુલાકાત લેતા મ્યુનિ. કમિશનર આનંદ પટેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૩

રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર આનંદ પટેલે નાનામવા ચોક ખાતે આવેલ ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર(ICCC)ની મુલાકાત લીધી હતી. તેમણે ICCCના વિવિધ ફીચર્સની જાણકારી મેળવી તેના આધારે થતી વિવિધ કામગીરીઓની સમીક્ષા કરી હતી. શહેરમાં વિવિધ ચાર રસ્તાઓ પર લગાવવામાં આવેલા ૯૭૦ જેટલા CCTV કેમેરાઓ મારફત ICCC દ્વારા થતા મોનીટરીંગ વિશે મ્યુનિ. કમિશનરએ જાણકારી મેળવી હતી. સાથોસાથ BRTS અને RRL ડેશબોર્ડ, વોટર સ્કાડા અને ડ્રેનેજ સ્કાડા, વિવિધ ચોકમાં કાર્યરત ઓટોમેટિક ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ, GIS પોર્ટલ વિગેરેની કામગીરી વિશે મ્યુનિ. કમિશનરએ માહિતી મેળવી હતી.

ICCC ખાતે મ્યુનિ. કમિશનર આનંદ પટેલની મુલાકાત દરમ્યાન નાયબ મ્યુનિ. કમિશનર ચેતન નંદાણી, ડાયરેક્ટર આઈ.ટી. સંજય ગોહેલ, RRLના ઝે. જનરલ મેનેજર જયેશ કુકડિયા, આસી. કમિશનર જસ્મીન રાઠોડ, પી.એ.(ટેક.)ટુ કમિશનર હિમાંશુ દવે અને ડી.ઈ.ઈ. વેગડ વગેરે હાજર રહ્યા હતા. (૧૩)

કોળી શક્તિ યુવક મંડળ દ્વારા આયોજીત

રવિવારે ગાંધીનગર ખાતે જીવનસાથી પસંદગી મેળાનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૩

સમગ્ર ગુજરાત રાજયભરમાં રહેતા ચુંવાળીયા, તળપદા, ચેડીયા, દિવેચા સસ્મત કોળી સમાજના ઉચ્ચ અભ્યાસ કરતા એજ્યુકેશન ફેમીલીના યુવક-યુવતીઓ માટે કોળી શક્તિ યુવક મંડળ દ્વારા અયોજીત ગાંધીનગર ખાતે જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવશે. આવતીકાલ તા.૧૪ રવિવારે સમય સવારે ૮ થી ૨ કલાક સુધી શ્રી વરીયા પ્રજાપતિ સમાજ ટ્રસ્ટ વાડી, પહેલા માળે, વસંત કુંવરબા કન્યાશાળા સામે, સેક્ટર-૨૮, ગાંધીનગર શહેર જીલ્લાના કોળી સમાજના તમામ ડોકટરો, વકીલો, શિક્ષકો, પોલીસમિત્રો, ઉચ્ચકક્ષાના સરકારી કર્મચારીઓ, સમાજની વિવિધ સંસ્થાઓના આગેવાનો કાર્યકરો, વેપારી, ઉદ્યોગપતિઓ, બિલ્ડરો, સમાજના તમામ રાજકીય અગ્રણીઓને પધારવા આમંત્રણ છે. ફકત યુવતિઓ માટે અભ્યાસ ધોરણ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

આ આયોજનને સફળ બનાવવા માટે કોળી શક્કત યુવક મંડળના પ્રમુખ રમેશભાઈ ગોહિલ તથા જય વેલનાથ જય માંધાતા ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટ જહેમત ઉઠાવી રહ્યા છે. તેમજ રાજકોટના યુવા અગ્રણી દેવાંગ કુકાવા, કલ્પેશભાઈ બાવરીયા સર્વે હોદેદ્દારો સભ્ય જહેમત ઉઠાવી રહ્યા છે.

આ પરિચય મેળામાં જે ઉમેદવાર ભાગ લેવા માંગતા હોય તો અન્ય માહિતી માટે રમેશભાઈ ગોહિલ (મો.નં.૯૩૭૪૭ ૩૪૮૨૦) પર સંપર્ક કરવા કોળી શક્તિ યુવક મંડળની યાદીમાં જણાવ્યું છે.

વોર્ડ નં.૯ માં રૂ.૩૩ લાખના ખર્ચે પેવીંગ બ્લોક કામનું ખાતમુર્હૂત કરતા કમલેશ મિરાણી અને પુષ્કર પટેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૩

રાજકોટના વોર્ડ નં. ૯ માં નીલકંઠ નગર ખાતે અંદાજે રૂા. ૩૩ લાખના ખર્ચે પેવીંગ બ્લોક કામનો પ્રારંભ શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી તેમજ રાજકોટ મહાનગરપાલિકાના સ્ટેન્ડીંગ ચેરમેન પુષ્કર પટેલના હસ્તે કરવામાં આવેલ હતું. આ તકે શહેર ભાજપ ઉપપ્રમુખ વિક્રમ પુજારા, શહેર ભાજપ મંત્રી રક્ષાબેન વાયડા, કોર્પોરેટરો જીતુભાઈ કાટોળીયા, દક્ષાબેન વસાણી, વોર્ડપ્રમુખ પ્રદિપ નિર્મળ, વોર્ડ મહામંત્રી વિરેન્દ્ર ભટ્ટ, હીરેન સાપરીયાની ઉપસ્થિતિમાં ખાતમુર્હૂત કરવામાં આવેલ.

આ પ્રસંગે પ્રવીણભાઈ મારૂ, શીલ્પાબેન જાવીયા, પ્રવીણ સેગલીયા, મનીષાબેન માકડીયા, અરૂણાબેન પરમાર, અંજુબેન કણસાગરા, દેવ ગજેરા, પ્રદીપ ધાધલ, જગદીશ પટેલ,દીપક મહેતા, મનીષ પટેલ, કમલેશ શર્મા, હિરલબેન કટારીયા, મધુબેન ગોહિલ, ચેતનાબેન શાહ, હેતલબેન, મીનાબેન ઓડેદરા, વૈશાલીબેન આશરા, સંજય ભાલોડીયા, રાજુ ઉપાધ્યાય, આશીષ ભટ્ટ, સુનીલ ખાલપડા, પ્રતિક રાવલ, સંદીપ ચૌહાણ, અમીત લકુમ, દીપક કકકડ, સહિતના ભાજપ અગ્રણીઓ તેમજ સ્થાનિક અગ્રણીઓ રમણીકભાઈ કાલાવડીયા, પ્રશાંતભાઈ ગોહેલ, ઉમેશભાઈ ભાયાણી, જયભાઈ રાવલ, રોયભાઈ અબ્રાહમ, હિરેનભાઈ ડઢાણીયા, પ્રદિપભાઈ વાછાણી, જયંતીભાઈ ગડારા, લતેશ પુજારા, આનંદ કામલીયા, રચનાબેન ચૌહાણ, હંસાબેન કામલીયા, ઉમેશભાઈ વાજા, ધવલ લાલ, અશોકભાઈ ધુલેશીયા, મંજુબેન વિરમગામા, વૈશાલીબેન દોંગા, મનીષાબેન વાછાણી, હીરાબેન સાકરીયા, સરલાબેન રાણીપા, શ્રુતીબેન લખતરીયા, ડોલીબેન કામલીયા, હેતલબેન ડઢાણીયા, શીતલબેન તરપદા, રચનાબેન ચૌહાણ, ચેતનાબેન કાલાવડીયા, જયોતીબેન ટાંક, બીંદુબેન કાચા, જયશ્રીબેન પાન, હેમાક્ષીબેન ગાંગડીયા, ચાંદનીબેન ફળદુ સહિતના બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.(૧૩)

આંતરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષ ૨૦૨૩ નિમિત્તે
રાજ્ય સરકારનો ખેડૂતો માટે મહત્ત્વનો નિર્ણય
મિલેટ્સને લોકપ્રિય બનાવવામાં ભારત મોખરે છે. મિલેટ્સના વપરાશથી પોષણ, ખાદ્ય સુરક્ષા અને ખેડૂતોના કલ્યાણમાં વધારો થાય છે.
- શ્રી નરેન્દ્રભાઇ મોદી, વડાપ્રધાન, ભારત
તારીખઃ ૧૫ મી મે થી ૧૫ જૂન સુધી ટેકાના ભાવે બાજરી, જુવાર તથા રાગીની ખરીદી
ઉનાળુ બાજરી, જુવાર તથા રાગીની ટેકાના ભાવે ખરીદી પર પ્રતિ ક્વિન્ટલ ₹. ૩૦૦ ના બોનસનો નિર્ણય.

ધાન્ય પાકનું નામ	ટેકાનો ભાવ પ્રતિ ક્વિન્ટલ	પ્રતિ ક્વિન્ટલ બોનસ ₹. ૩૦૦	ગુજરાત સરકારનો ખરીદીનો કુલ ભાવ
બાજરી	₹. ૨૩૫૦	₹. ૩૦૦	₹. ૨૬૫૦
જુવાર	₹. ૨૯૯૦	₹. ૩૦૦	₹. ૩૨૯૦
રાગી	₹. ૩૫૭૮	₹. ૩૦૦	₹. ૩૮૭૮

ટેકાના ભાવે ખરીદી માટે રજિસ્ટ્રેશનની મુદત
તા. ૧૫ મે થી વધારીને તા. ૩૧ મે, ૨૦૨૩ સુધી કરાયેલ છે
ખેડૂત ખાતેદારોને ગ્રામ્ય સ્તરે ઈ-ધરા કેન્દ્રો ખાતે નોંધણી કરાવવા વિનંતી છે
ઉપરોક્ત ખરીદી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમના ગોડાઉનો ખાતેથી કરવામાં આવશે.
ખરીદી સમયે ખેડૂત ખાતેદારોએ નીચેની વિગતોની કાળજી લેવા વિનંતી છે.
• બાજરી, જુવાર, રાગીને સાફ કરીને લાવવાના રહેશે.
• ખેડૂત ખાતેદારે પોતાના આધાર કાર્ડની વિગતો અને એનરોલમેન્ટ સ્લીપ અચૂક સાથે રાખવાની રહેશે.
• રજિસ્ટ્રેશન સમયે જે ખાતેદારના આધાર કાર્ડની વિગતો સાથે નોંધણી કરાવેલ હોય તે જ ખાતેદારના બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન (અંગૂઠાની છાપ)થી જણસીનું વેચાણ કરી શકાશે.
ખેડૂત ખાતેદારશ્રીઓને રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદ પ્રક્રિયા માટે જાહેર કરાયેલ બોનસનો લાભ લેવા વિનંતી છે.
- શ્રી કુંવરજીભાઈ બાવળીયા,
માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોનો વિભાગ, ગુજરાત

નેશનલ યુથ પ્રોજેકટ દ્વારા નિઃસંતાન દંપતિઓ માટે નિઃશુલ્ક નિદાન કેમ્પ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૩

નેશનલ યુથ પ્રોજેકટ તથા દ્વારા નિઃસંતાન દંપતિ માટેનો નિઃશુલ્ક મેગા આયુર્વેદિક નિદાન માર્ગદર્શન કેમ્પનું આયોજન દર મહિનાના ત્રીજા શનિવારે સવારે ૧૦ થી ૧૨, ૨૦૨-મારૂતિનંદન કોમ્પ્લેક્ષ, બીજા માળે, જવાહર રોડ ખાતે, રાજેશ ભાતેલીયાના માર્ગદર્શન હેઠળ કરાયો છે. કેમ્પને સફળ બનાવવા દર્શિત આર. ભારેલીયા, સસ્યુ એસ. તન્ના વિગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

કેમ્પમાં ૪૭ વર્ષના અનુભવી નિવૃત મેડીકલ ઓફીસર ડો.પી.જી.પંડયા (B.S.A.M.) નિઃસંતાન દંપતિઓને નિઃશુલ્ક નિદાન કરી, વિનામુલ્યે માર્ગદર્શન આપશે. નિઃસંતાન દંપતિઓને કેમ્પનો લાભ લેવા જણાવાયું છે.

આ મેગા કેમ્પને સફળ બનાવવા માટે અમિત ચૌહાણ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. સંપૂર્ણ આયુર્વેદિક પધ્ધતિથી માર્ગદર્શન આપવામાં આવશે તેમજ નિદાન માટે કોઈપણ પ્રકારનો ચાર્જ આપવાનો રહેશે નહીં તેમ જણાવ્યું છે.

વડિયામાં તાલુકા કક્ષાનો રમત-ગમતનો સમર કેમ્પ યોજાયો

(કિરીટ જોટવા દ્વારા)
વડિયા, તા.૧૩

રાજ્યની સરકાર દ્વારા રમત ગમત ક્ષેત્ર માં સ્કૂલ લેવલથી બાળકોમાં રહેલી શક્તિઓ પ્રતિભાઓ બહાર લાવવા માટે ખેલે ગુજરાત,ખેલ મહાકુંભ દ્વારા દર વર્ષે રમત ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. રાજયના ખેલાડીઓનું વિવિધ રમતોમાં પ્રદર્શન સુધારવા અને તેમના કૌશલ્યને વધુ ગુણવતા યુક્ત અને નિપુણ બનાવવા માટે ચાલુ વર્ષમાં સ્કૂલમાં અભ્યાસ કરતા બાળકોમાં રહેલી શક્તિઓ બહાર લાવીને તેને પોતાની આવડતની રમતમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરે તે માટે તાલીમ આપવા રાજ્ય સરકારના રમત ગમત અને યુવા સંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ દ્વારા રાજ્યના દરેક તાલુકામાં જુદી જુદી રમતોના કોચિંગ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડીયાની શ્રી સુરગવાળા હાઈસ્કૂલમાં આ સમર કેમ્પનું આયોજન કરવામાંઆવ્યું હતું. શાળાના આચાર્ય ડી.ડી. પાદરિયા અને સ્ટાફ દ્વારા તમામ ખેલાડીઓને ટીશર્ટ, ટોપી અને પ્રમાણ પત્ર આપી પ્રોત્સાહિત કર્યા હતા અને શાળાના ખેલાડીઓ રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ તાલુકા અને જીલ્લાનું નામ રોશન કરે એવી શાળા પરિવાર તરફથી શુભેચ્છાઓ પાઠવી હતી.

મોકાની ઓફીસ વેચવાની છે
ફર્નીચર સાથે ગોંડલ રોડ, પહેલા માળે ૧૭૦ સ્કેવર ફુટની ઓફીસ વેચવાની છે.
સંપર્કઃ ૯૮૨૫૩ ૧૭૬૦૭

રાજકોટમાં પુત્રને CBSE ધો. ૧૨માં સારા માર્ક્સ આવતા ખુશીમાં માતાનું હાર્ટએટેકથી મૃત્યુ

મેં સમાચાર સંભળાવતા જ માતાને ચક્કર આવ્યાઃ પુત્ર

રાજકોટ, તા.૧૩

રાજકોટ શહેરમાં હાર્ટએટેકથી થતા મોતની સંખ્યામાં પ્રતિદિન વધારો નોંધાઈ રહ્યો છે. સમયાંતરે રમતા રમતા કે જીમમાં કસરત કર્યા બાદ યુવા વયના લોકો પણ હાર્ટ એટેકનો ભોગ બનતા હોવાના બનાવો વધી રહ્યા છે. ત્યારે આજે પુત્રને CBSE ધો. ૧૨માં સારા ટકા આવતા ખુશીમાં માતાનું હૃદય બંધ પડી જતા મોત થયું હોવાની ઘટના સામે આવી છે. આ બનાવને પગલે પરિવારમાં ખુશીનો માહોલ માતમમાં બદલાઈ ગયો છે. હાલ તો આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગઈકાલે CBSE દ્વારા ધો. ૧૦-૧૨ નાં પરિણામો જાહેર કરાયા હતા. જેમાં રાજકોટ મવડી વિસ્તારની માનૂતિનંદન સોસાયટી શેરી નંબર ૪માં રહેતા અને કેબલ ઓપરેટરનો વ્યવસાય કરતા નરેન્દ્રસિંહ ઝાલાનાં પુત્ર રૂદ્રરાજસિંહને CBSE ધોરણ ૧૨માં સારા માર્ક્સ આવ્યા હતા. આ તકે ખુશી વ્યક્ત કરતા માતા શીતલબા ઝાલાને હૃદયરોગનો પ્રાણઘાતક હુમલો આવ્યો હતો. જેથી તેમને તાત્કાલિક સારવારમાં ખસેડાયા હતા. જો કે, ત્યાં ફરજ પરના ડોક્ટરે તેમને મૃત જાહેર કરતા પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો.

આ અંગે ૧૮ વર્ષીય રૂદ્રરાજસિંહ ઝાલાએ કહ્યું હતું કે, ૧૧ વાગ્યા આસપાસ હું સીબીએસઈ ધોરણ ૧૨ ની પરીક્ષામાં પાસ થઈ ચૂક્યો છું અને મારે ૫૮% આવ્યો હોવાના સમાચાર મેં ઘરે હાજર સભ્યોને સંભળાવ્યા હતા. જે સમયે મેં આ સમાચાર સંભળાવ્યા ત્યારે ઘરે મારા સહિત મારા માતા તેમજ મારા દાદી તેમજ મારા નાની પણ હાજર હતા. મેં સમાચાર સંભળાવતા મારી માતા ખૂબ આનંદમાં આવી ગયા હતા. જેને લઈને તેમને ચક્કર આવતા મેં તાત્કાલિક પિતા નરેન્દ્રસિંહને ફોન કર્યો હતો. મારા પિતા તરત ઘરે આવ્યા બાદ માતાને પ્રથમ ઈમરજન્સી વોર્ડમાં અને ત્યારબાદ ICUમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ ગણતરીની મિનિટમાં મારી માતાએ દમ તોડી દીધો હતો. ઉલ્લેખનીય છે કે, રાજકોટ શહેરમાં હાર્ટએટેકથી મોત થવાના બનાવોમાં મોટો વધારો થયો છે. છેલ્લા ચારેક મહિનામાં હાર્ટએટેકનાં કારણે જ ચાર જેટલા યુવા વયના લોકો મોતને ભેટી ચુક્યા છે. જો કે, હાર્ટએટેકથી વધતા મોતનું કોઈ ચોક્કસ કારણ સામે આવ્યું નથી, પરંતુ લોકોની રહેણીકરણી અને ફાસ્ટફૂડ સહિતની વસ્તુઓનો વધુ પડતો ઉપયોગ જવાબદાર હોવાનું ડોક્ટરો માની રહ્યા છે. ત્યારે ખુશીમાં હાર્ટએટેક આવ્યાની આ ઘટના રાજકોટ સહિત ગુજરાતમાં ચર્ચાનો વિષય બની છે.

રાજ્યમાં સોનાની માંગ ૭૫ ટકા વધી દેશમાં સોનાની માંગમાં ૧૭ ટકાનો ઘટાડો

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૧૩

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સીલના તાજેતરના રિપોર્ટ અનુસાર ભારતની સોનાની માંગ જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૩ દરમ્યાન ૧૭ ટકા ઘટીને ૧૧૨.૫ મેટ્રીક ટન થઈ હતી. આની સામે, ગુજરાતમાં સોનાની આયાત એ જ સમયગાળા દરમ્યાન ૧૪.૬૯ મેટ્રીક ટન રહી હતી જે ગયા વર્ષના એ જ સમયગાળા દરમ્યાનના ૮.૩૯ મેટ્રીક ટનની સરખામણીમાં ૭૫ ટકા જેટલી વધારે હતી. ગુરૂવારે અમદાવાદની બજારમાં સોનાના ભાવ ૬૩,૩૦૦ પ્રતિ ગ્રામ હતા. વિશ્લેષણકારો માંગ વધવાનું શ્રેય લગ્નની સીઝન અને રોકાણકારોની માંગને આપે છે.

આ વર્ષના જાન્યુઆરીથી માર્ચ દરમ્યાન સોનાના ભાવમાં ઉછાળા છતા ગુજરાતમાં આ પીળી ધાતુની માંગ ચાલુ રહી હતી. દેશમાં સોનાની માંગ આ ત્રિમાસીકમાં ૧૭ ટકા ઘટવા સામે ગુજરાતમાં સોનાની આયાતમાં ૭ ટકામાં વધારો જોવા મળ્યો હોવાનું વર્લ્ડ ગોલ્ડ કાઉન્સીલનું કહેવું છે.

ઈન્ડીયા બુલીયન એન્ડ જ્વેલર્સ એસોસીએશન (આઈબીજે એ)ના ડાયરેક્ટર હરેશ આચાર્ય એ કહ્યું, ગુજરાતમાં લગ્નની સીઝન ઘરેણાના વેચાણ માટેનું મોટું કારણ છે. ઉચા ભાવોના કારણે ઘણા બધા ટ્રાન્ઝેકશનો જુના સોનાના એકસચેંજ દ્વારા થયા હતા. જો કે ઓવરઓલ વેચાણ ચાલતુ રહ્યું હતું વધુમાં સંપતિ તરીકે સોના પર રોકાણકારોનો વિશ્વાસ અતુટ રહ્યો છે. ઘણા લોકોએ આ સમયગાળા દરમ્યાન લગડી અને સિક્કામાં રોકાણ કર્યું હતું. જેના પરિણામે ગુજરાતમાં સોનાની માંગ જળવાળ રહી હતી.



વર્લ્ડ ગોલ્ડ કાઉન્સીલના ભારતના રીજયોનલ સીઈઓ સોમાસુંદરમ પીઆરએ કહ્યું, ભારતભરમાં સોનાની માંગ ઉંચા ભાવના કારણે ઘટી છે. ભારતમાં સોનાની માંગ ઘરેણા અને લગડી તથા સિક્કામાં ૧૭ ટકા જેટલી ઘટી છે. અને તેનું કારણ બહુ ઉંચા ભાવ છે આ ઉપરાંત સોનાના ભાવમાં અસ્થિરતાની પણ અસર માંગ પર થઈ છે.

'આદિપુરૂષ'ના ટ્રેલર લોન્ચ વખતે કૃતિ સેનને પહેરી હતી ૨૪ કેરેટ સોનાની સાડી

મુંબઈઃ સાઉથ એક્ટર પ્રભાસ અને એક્ટ્રેસ કૃતિ સેનન આ દિવસોમાં તેમની આગામી ફિલ્મ 'આદિપુરૂષ'ને લઈને ચર્ચામાં છે. તે જૂનમાં રિલીઝ થશે. આ પહેલા આ ફિલ્મનો ટ્રેલર વિડીયો આગલા દિવસે જ રીલીઝ કરવામાં આવ્યો હતો. ટ્રેલર વિડિયો લોન્ચ ઈવેન્ટમાં કૃતિ અને પ્રભાસ પણ હાજર રહ્યા હતા. આવી સ્થિતિમાં અભિનેત્રીનો લુક ઘણો ચર્ચામાં રહ્યો છે. પરંતુ, શું તમે જાણો છો કે તેની સફેદ રંગની સાડી ૨૪ કેરેટ સોનાની બનેલી છે. 'આદિપુરૂષ'ના ટ્રેલર લોન્ચિંગ ઈવેન્ટમાં સફેદ રંગની સાડી પહેરી હતી. સફેદ સાડી પર ગોલ્ડન કલરની બોર્ડર પણ જોવા મળી રહી છે, જે આ સાડીની સુંદરતામાં વધુ વધારો કરી રહી છે.

આ સાડી કેરળ કોટન ફેબ્રિકમાંથી બનાવવામાં આવી હતી. તેમાં ૨૪ કેરેટ સોનાની ખાદી બ્લોક પ્રિન્ટ બનાવવામાં આવી હતી. અભિનેત્રીએ સફેદ સાડી સાથે તેના સરળ દેખાવને પૂરક બનાવ્યો. કૃતિએ પણ તેના વાળમાં સફેદ ફૂલ લગાવ્યા છે અને તેને ખુલ્લા પ્લીટ્સમાં દોર્યા છે. તેના કપાળ પર બિંદી અને બ્રાઉન શેડની સોફ્ટ સ્મોકી આંખો તેની સુંદરતામાં વધારો કરી રહી છે. તેનો પરંપરાગત અને સાદગીભર્યો લુક ચાહકોનું દિલ જીતી રહ્યો છે. ડિઝાઈનરએ સોશિયલ મીડિયા પર ફોટો શેર કરીને કૃતિના આ લુક અને સાડી વિશે માહિતી આપી છે. આ ઈવેન્ટમાંથી કૃતિ સેનનનો વધુ એક વીડિયો સામે આવ્યો છે, જેમાં જોવા મળે છે કે જ્યારે એક્ટ્રેસને બેસવા માટે સીટ નથી મળતી ત્યારે તે જમીન પર બેસી જાય છે. તેનું આ વર્તન જોઈને બધા ઉભા થઈ જાય છે. આ મામલો 'આદિપુરૂષ'ના ટ્રેલર લોન્ચિંગ ઈવેન્ટનો છે.

શાહિદની એક્શન કોમેડીમાં રશ્મિકા મંદાના હિરોઈન



મુંબઈઃ શાહિદ કપૂરની એકશન કોમેડી ફિલ્મમાં હિરોઈન તરીકે રશ્મિકા મંદાનાની પસંદગી થઈ છે. રશ્મિકા મંદાના અને શાહિદ કપૂરની ફિલ્મને હજી શિર્ષક મળ્યું નથી. આ ફિલ્મનું નિર્માણ દિલ રાજુ અને એકતા કપૂર કરવામાં છે. એકતા કપૂર અને દિલ રાજુએ રશ્મિકા સાથે ફિલ્મ ગુડબાયમાં કામ કર્યું છે. રશ્મિકા અને શાહિદની જોડી દર્શકોને પ્રથમ વખત રૂપેરી પડદે જોવા મળવાની છે. આ એકશન ફિલ્મમાં શાહિદ કપૂર રૂપેરી પડદે પ્રથમ વખત ડબલ રોલમાં જોવા મળવાનો છે. અનિસે આ ફિલ્મની સ્ક્રિપ્ટ પુરી કરી નાખી છે. આ ફિલ્મના અન્ય સ્ટાર વિશેની પસંદગી હજી થઇ રહી છે.

ત્રણ ફિલ્મોને લીધે ચર્ચામાં છે અલાયા



અભિનેત્રી અલાયા ફર્નિચરવાલા એક પછી એક ફિલ્મથી આગળ વધી રહી છે. પૂજા બેદીની દિકરી અલાયાએ જવાની જાનેમન ફિલ્મથી શરૂઆત કરી હતી. જેમાં તે પ્રેગનન્ટ છોકરી ટીયાના રોલથી પ્રતિભા દેખાડી ચુકી હતી. છેલ્લે તે ફ્રેડી, અલમોસ્ટ પ્યાર વીથ ડીજે મહોબ્બતમાં જોવા મળી હતી. હવે તે ત્રણ ફિલ્મોને કારણે ચર્ચામાં છે. હાલમાં જ તેની ફિલ્મ યુ-ટર્ન પણ ડિજીટલ પ્લેટફોર્મ પર આવી છે. જેમાં તે રશિકા બક્ષી નામની પત્રકાર બની છે. અલાયા કહે છે મને આશા છે કે યુ-ટર્ન ફિલ્મથી મારી કારકિર્દીમાં પણ યુ-ટર્ન આવશે. મને મારી મમ્મી તરફથી ઘણી શીખામણ મળી છે. કામમાં સો ટકા યોગદાન આપવાનું તેણે મને શીખવ્યું છે. દરેક વ્યક્તિ સાથે પ્રેમથી વાત કરવી, કામના સ્થળે સમયસર પહોંચવું વગેરે. અલાયા ડાન્સ અને જીમ થકી પોતાની ફિટનેસ અને સુંદરતા જાળવી રાખે છે. અલાયા પાસે આ વર્ષમાં સતત કામ છે. આ કારણે તે ખુબ જ ખુશ છે.

ગુજરાત સામે મુંબઈનો ૨૭ રને વિજય

મુંબઈ ઈન્ડિયન્સનો ગુજરાત ટાઈટન્સ સામે ૨૭ રને વિજય થયો છે. મુંબઈએ નિર્ધારીત ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૨૧૮ રન બનાવ્યા છે, જેના જવાબમાં ગુજરાતની ટીમે ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૯૧ રન કર્યા હતા. ગઈકાલની મેચ ઘણી રસપ્રદ જોવા મળી હતી. ગઈકાલની મેચમાં સૂર્યકુમાર યાદવની તોફાની સદી અને રાશિદ ખાનનું ઓલરાઉન્ડર પ્રદર્શન જોવા મળ્યું હતું. દરમિયાન મુંબઈની ઈનિંગ સૂર્યકુમાર યાદવની સેન્ચ્યુરી સાથે સમાપ્ત થઈ હતી.

મેચમાં સૂર્યકુમાર યાદવે ૪૯ બોલમાં ૧૧ ફોર અને ૬ સિક્સ સાથે ૧૦૩ બનાવી ધમાકેદાર બેટીંગ કરી હતી. તો ગુજરાત તરફથી રશિદ ખાને ઓલરાઉન્ડર પ્રદર્શન કર્યું હતું. રાશિદ ખાને ૪ વિકેટ ઝડપી હતી ઉપરાંત ૩૨ બોલમાં ૩ ફોર અને ૧૦ સિક્સ સાથે ૭૯ રન ફટકાર્યા હતા. ગુજરાત ટાઈટન્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. સૂર્યકુમાર યાદવ અને વિષ્ણુ વિનોદ વચ્ચે અડધી સદીની ભાગીદારી થઈ છે. બંનેએ ૨૮ બોલમાં ૫૦ રન જોડ્યા હતા.

ICCની કમાણીમાં ભારતનો હિસ્સો સૌથી વધુ, મળશે ૧૮૯૨ કરોડ

ભારત ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલની દર વર્ષની કમાણીના હિસ્સામાં સૌથી આગળ છે જ્યારે પાકિસ્તાન ચોથા નંબરે છે. ભારત બાદ ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાના ક્રિકેટ બોર્ડનો નંબર આવે છે. ICCની આવકમાંથી બાકીના આઠ બોર્ડની કમાણી પાંચ ટકાથી ઓછી હશે. ICCના વર્ષ ૨૦૨૪-૨૭ નાણાકીય મોડલમાં BCCIને દર વર્ષે લગભગ ૧૮૯૨ કરોડ રૂપિયા મળશે જ્યારે પાકિસ્તાનને માત્ર ૨૮૨ કરોડ રૂપિયા આપવામાં આવશે. BCCI દર વર્ષે પાકિસ્તાન કરતાં સાત ગણી વધુ કમાણી કરશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર ICC જેટલી કમાણી થશે તેની આવકના ૩૮.૫ ટકા BCCIને મળશે. ICCને લગભગ ૪૯૧૬ હજાર કરોડ રૂપિયા મળવાની આશા છે અને આ આવકમાં BCCIનો સૌથી મોટો હિસ્સો રહેશે. ભારત બાદ ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડને આશરે ૩૩૮ કરોડ રૂપિયા અને ક્રિકેટ ઓસ્ટ્રેલિયાને આશરે ૩૦૭ કરોડ રૂપિયા મળવાની શક્યતા છે. આ બોર્ડ બાદ બાકીના આઠ પૂર્ણ સભ્યોની કમાણી પાંચ ટકાથી ઓછી હશે. BCCI સતત ભારપૂર્વક જણાવે છે કે ભારતના વધુ યોગદાનને કારણે તે ICCની આવકમાં વધુ હિસ્સો મેળવવાને પાત્ર છે. જોકે ICC નવા નાણાકીય મોડલ પર તમામ દેશોના બોર્ડના પ્રતિસાદની રાહ જોઈ રહ્યું છે અને આ મોડલને આવતા મહિને ICCની વાર્ષિક બેઠકમાં પણ મંજૂરી મળી શકે છે.

વન-ડે વર્લ્ડકપ રમવા અંગે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ તરફથી અમને કોઈ લેખિત ખાતરી મળી નથીઃ ICC

નવી દિલ્હીઃ ભારતને આઈસીસી વર્લ્ડ કપ ૨૦૨૩ની યજમાની મળી છે. કુલ ૧૦ ટીમોએ તેમાં પ્રવેશ કરવો પડશે. પરંતુ હજુ સુધી ટૂર્નામેન્ટમાં પાકિસ્તાનના પ્રવેશને લઈને સ્થિતિ સ્પષ્ટ નથી. આઈસીસીએ પણ કહ્યું છે કે તેને ટૂર્નામેન્ટમાં પાકિસ્તાનની અંગે કોઈ ખાતરી મળી નથી. એશિયા કપને લઈને બીસીસીઆઈ અને પીસીબી વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. એશિયન ક્રિકેટ કાઉન્સિલ ટૂર્નામેન્ટને શ્રીલંકામાં શિફ્ટ કરવા માટે તૈયાર છે કારણ કે મોટાભાગના બોર્ડ બે દેશોમાં રમવા માટે તૈયાર નથી. આ દરમિયાન ભારતમાં ઓક્ટોબર-નવેમ્બરમાં યોજાનાર વન-ડે વર્લ્ડ કપ માટે આઈસીસીને હજુ સુધી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ તરફથી વર્લ્ડ કપમાં રમવાની કોઈ લેખિત ખાતરી મળી નથી.

આઈસીસી બોર્ડના સભ્યએ એક ખાનગી ન્યુઝને જણાવ્યું કે, ભારતનું પાકિસ્તાન આવવું અને પાકિસ્તાનનું ભારત જવું એ બીસીસીઆઈ કે પીસીબી પર નિર્ભર નથી. તેથી પીસીબી ગ્લોબેન ઈવેન્ટમાં તેની ભાગીદારી અંગે આઈસીસીને કોઈ ખાતરી આપી શકતું નથી. તેમણે કહ્યું કે બીસીસીઆઈની જેમ અહીં પણ પાકિસ્તાન સરકાર મંજૂરી આપશે. સરકારની મંજૂરી મળ્યા બાદ જ પીસીબી નિર્ણય લઈ શકે છે.વર્લ્ડ કપની વાત કરીએ તો, પાકિસ્તાન ભારત સાથે અમદાવાદમાં મેચ રમે તેવી શકયતા છે અને તેની મોટાભાગની મેચો બેંગ્લોર અને ચેન્નાઈ જેવા દક્ષિણ ભારતીય શહેરોમાં યોજાય તેવી શકયતા છે.

પડધરી નજીકથી ૨૧૪ કરોડનું ડ્રગ્સ ઝડપાયું: પકડાયેલ નાઈજીરિયન ૧૨ દિવસના રિમાન્ડ પર

પાકિસ્તાનથી ડ્રગ્સ સપ્લાય કરાયું, ગુજરાતના કોઈ દરિયા કિનારે જથ્થો ઉતારાયો ત્યાંથી ખંઢેરી સ્ટેડિયમ પાછળ ચેક ડેમ નજીક જાળીઓમાં ડ્રગ્સ છુપાવ્યુ હતું : મોટો જથ્થો દરિયા કિનારે ઉતારાયાની શંકા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૩

ગુજરાતમાં ડ્રગ્સની ઘૂસણખોરી અટકાવવા એટીએસ સક્રિય છે, ત્યારે વધુ એક વાર એટીએસએ સફળ ઓપરેશન પાર પાડ્યું છે. રાજકોટના પડધરી નજીક અવાવરું સ્થળેથી ૨૧૪ કરોડનું ૩૦ કિલો ૬૦૦ ગ્રામ ડ્રગ્સ ઝડપાયું હતું. દિલ્હીથી નાઝીરિયન શખ્સની ધરપકડ કરાઈ છે. પાકિસ્તાનથી ડ્રગ્સ સપ્લાય કરાયું હતું તો પછી ખંઢેરી સ્ટેડિયમ સુધી ડ્રગ્સ કેમ પહોંચ્યું? ATS એ આરોપીને કેવી રીતે પકડ્યો? તે તમામ વિગતોનો ખુલાસો થયો છે. દિલ્હીથી ઝડપાયેલ નાઝીરિયન શખ્સને રાજકોટની ફાસ્ટ્રેક કોર્ટમાં રજૂ કરાયો હતો. કોર્ટે તેના ૧૨ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા. આ અંગે કોર્ટમાં દલીલો કરનાર જિલ્લા મુખ્ય સરકારી વકીલ એસ.કે. વોરાએ જણાવ્યું હતુંકે, અત્યાર સુધીની વિગત મુજબ ગુજરાત એટીએસએને બાતમી મળી હતી કે, રાજકોટની ભાગોળે ખંઢેરી ક્રિકેટ સ્ટેડિયમ પાછળ એક અવાવરું જગ્યામાં ડ્રગ્સનો જથ્થો છુપાવવામાં આવ્યો છે. આ જથ્થો પાકિસ્તાનથી અનવર નામમાં શખ્સે સપ્લાઈ કર્યો હતો. ગુજરાતના દરિયા કિનારેથી જાફરી નામના શખ્સે આ જથ્થો રિસીવ કર્યો હતો અને પડધરીના ખંઢેરી નજીક છુપાવ્યો હતો. આ જથ્થો અહીં દિલ્હીનો બબલુ નામનો શખ્સ લેવા આવશે તેવી માહિતી હતી. બાતમીના આધારે એટીએસએ વોચ ગોઠવી હતી પણ બબલુ કે અન્ય કોઈ આ જથ્થો લેવા આવ્યું નહોતું. જેથી એટીએસએ આ ૩૦ કિલો ૬૦૦ ગ્રામનો જથ્થો જે ત્રણ બાચકામાં હતો તે કબ્જે કર્યો જતો. જથ્થા સાથે એક ચિઠ્ઠી મળી હતી. જે ચિઠ્ઠીમાં દિલ્હીનું સરનામું લખ્યું હતું અને ઓકોયો નામના નાઈજીરિયન શખ્સને પહોંચાડવાનું હોવાની ચિઠ્ઠી હતી. આ ચિઠ્ઠી મળતા એટીએસએ પ્લાન ઘડયો અને સ્વાંગ બદલી ડ્રગ્સનો નકલી જથ્થા સાથે પેલી ચિઠ્ઠી લઈ દિલ્હી જે સરનામું હતું ત્યાં પહોંચી અને ડ્રગ્સનો જથ્થો જે સ્વીકારવાનો હતો તે વ્યક્તિને જથ્થો સોંપ્યો અને તે જથ્થો સ્વીકારતા જ આ નાઈઝીરિયન શખ્સને દબોચી લીધો હતો.

આરોપીનું નામ એકવાનિફ ઓકાફોર મર્સી હોવાનું અને તે નાઈઝીરિયાના ઓસોડીનો વતની હોવાનું ખુલ્યું હતું. ઓગસ્ટ ૨૦૨૨માં તે ત્રણ મહિના માટે ભારતમાં અસ્થમાની સારવાર માટે આવેલો નવેમ્બરમાં પરત જવાના બદલે તે અહીંયા જ ગેરકાયદે રહેતો હતો. બની શકે કે તે આ જથ્થો આવવાની રાહ જોતો હોય. પ્રાથમિક પૂછપરછ બાદ દિલ્હીથી તેને રાજકોટ લાવી અત્રે ફાસ્ટ્રેક કોર્ટમાં રજૂ કરાયો હતો. જ્યાં તેના રિમાન્ડની માંગ કરાઈ હતી. પોલીસ - સરકાર વતી સરકારી વકીલ એસ.કે. વોરાએ દલીલો કરેલી કે, આરોપી ગેરકાયદે ભારતમાં વસવાટ કરે છે. ડ્રગ્સ જથ્થો સ્વીકારતા ઝડપાયો છે.

બીજા કેટલા લોકો આમાં સામેલ છે તે તપાસ બાકી છે. જથ્થો ક્યાથી આવ્યો અને ક્યાં પહોંચાડવાનો હતો તેની પાક્કી માહિતી મેળવવાની હજુ બાકી છે. ૯ મહિનાથી આ શખ્સ ભારતમાં રહે છે. આ પહેલા કેટલી વાર ડ્રગ્સ મંગાવ્યું? વગેરે મુદ્દે તપાસ હજુ બાકી છે જેથી આરોપીના રિમાન્ડ જરૂરી છે. દલીલો ધ્યાને લઇ કોર્ટે ૧૨ દિવસના રિમાન્ડ મંજુર કરતા એટીએસએ રિમાન્ડ માટે આરોપીને કસ્ટડીમાં લીધો છે. જે જાફરી નામના શખ્સનું નામ ખુલી રહ્યું છે તેની શોધખોળ હાથ ધરાઈ છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં સમગ્ર પ્રકરણમાં અનવર, જાફરી, બબલુ, ઓકોયો અને એકવાનિફ આટલા નામ સામે આવ્યા છે. જેમાંથી એકવાનિફ માર્સી પકડાયો છે અને ઓકોયો નામ જે ડ્રગ્સ પાર્સલ ઉપર લખ્યું હતું તે ખોટું લખી ઓકોયો નામ કોડ વર્ડ હોવાનું માનવામાં આવે છે એટલે કે ઓકોયો એ જ એકવાનિફ માર્સી છે જેણે ડ્રગ્સની ડિલિવરી દિલ્હી આપવાની હતી. આ ઉપરાંત અનવરે પાકિસ્તાનથી ડ્રગ્સ મોકલ્યું, જાફરીએ દરિયા કિનારેથી ડિલિવરી લીધી અને ખંઢેરી સ્ટેડિયમે માલ પહોંચાડ્યો હતો. જે જથ્થો બબલુ નામનો શખ્સ દિલ્હીથી અત્રે આવવાનો હતો અને દિલ્હીમાં નાઈજીરિયનને પહોંચાડવાનો હતો.

ઓગસ્ટ ૨૦૨૨માં નાઇઝીરિયનના ઓસોડી પ્રાંતમાં રહેતો એકવાનિફ માર્સી અસ્થમાની સારવાર કરવાના બહાને ભારત આવ્યો હતો. અત્રે તેણે ૩ મહિના રહેવાનું હતું. નવેમ્બર ૨૦૨૨માં પરત જવાનું હતું. વિઝા પૂર્ણ થયા પછી પણ તે અત્યાર સુધી ગેરકાયદે ભારતમાં વસવાટ કરતો હતો. આ ૭ માસ દરમિયાન તેણે ખરેખર સારવાર કરાવી હતી કે પછી ડ્રગ્સની હેરાફેરી કરી હતી? તે રિમાન્ડ દરમિયાન ખુલશે. ઉપરાંત અગાઉ ક્યારેય ડ્રગ્સ મંગાવ્યું હતું કે કેમ? તે પણ તપાસનો વિષય રહેશે. પોલીસે હાલ ૩૦ કિલો ૬૦૦ ગ્રામ ડ્રગ્સ કર્યું છે. દરિયાઈ માર્ગે જથ્થો આવ્યો હોવાથી પોલીસને શંકા છે કે મોટો જથ્થો સપ્લાય થયો હશે. જેમાંથી કટિંગ કરી અમુક જથ્થો પડધરી તરફ લવાયો હશે.

આમાં ચાર પાંચ લોકો જ નહીં પણ આખી ગેંગ સક્રિય હોવાની પણ શંકા છે. પોલીસ એ દિશામાં તપાસ કરી રહી છે.

ભારતીય શાસ્ત્રી વાંસળીવાદક દિગ્વિજસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં

રાજકોટમાં યોજાશે ૭ દિવસીય વાંસળી વર્કશોપનું આયોજન

પ્રાથમિક માહિતી અને વર્કશોપ પ્રચાર અર્થે અધરવેણુ ટ્રસ્ટ દ્વારા રવિવારે નિઃશુલ્ક સેમિનાર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૩

ગુજરાતના ઉભરતા ભારતીય શાસ્ત્રીય વાંસળીવાદક અને પદ્મ વિભુષણ પંડિત હરીપ્રસાદ ચૌરસિયાના શિષ્ય દિગ્વિજયસિંહ ચૌહાણનો ૭ દિવસીય વર્કશોપ રાજકોટ ખાતે યોજાવા જઇ રહ્યો છે.

બચપન પ્લે સ્કુલ, રાષ્ટ્રીયશાળા ખાતે આગામી તા.૨૨ થી ૨૮ મે દરરોજ સવારે ૭ થી ૧૦ અને સાંજે ૬ થી ૮ ચાલનાર આ વર્કશોપ દરમિયાન દિગ્વિજયસિંહ વાંસળીનું જ્ઞાન પીરસશે. જેના પ્રારંભિક ૨ દિવસનું શિક્ષણ સંગીત અને વાંસળીના આત્યંતિક શરૂઆત કરનારા માટે હશે. મધ્યવર્તી ૩ દિવસનું શિક્ષણ વાંસળીની ખુબ જ મહત્વપૂર્ણ તકનીકો જેનો ઉપયોગ ભારતીય શાસ્ત્રીય સંગીતમાં થાય છે તેના ઉપર તેમજ અદ્યતન ૨ દિવસ રાગની રચના અને પ્રદર્શન કુળતા શીખવવા ઉપર રહેશે.

ઉલ્લેખનીય છે કે દિગ્વિજયસિંહ ભુવનેશ્વર ઓડીશાના વૃંદાવન ગુરૂકુલ ખાતે વાંસળી સમ્રાટ પદ્મ વિભૂષણ પં. હરિપ્રસાદ ચૌરાસિયાજીના શિષ્ય રહી ચુક્યા છે. સંગીત સાથે તેમના ગુરૂના પ્રોત્સાહનથી ઇલેકટ્રોનિકસ અને કોમ્યુનીકેશન એન્જીનીયરીંગમાં પીએચ. ડી. કરી રહ્યા છે. તેઓ કહે છે કે બાંસુરી જેવા સુંદર વાદ્યને માસ્ટર કરવા માટે સખત તાલીમ અને પ્રેકટીસની જરૂર છે. રાજકોટમાં આયોજીત આ વર્કશોપના પ્રચારરૂપે અધરવેણુ એજયુકેશન અને ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા.૧૪ ના રવિવારે નિઃશુલ્ક સેમીનારનું પણ આયોજન કરાયુ છે. રસ ધરાવતા લોકોએ આ સેમીનાર જોઇન્ટ કરવા જીજ્ઞેશ લાઠીગ્રા મો.૯૪૨૭૩ ૮૧૨૧૨ વાંસળી નો સંપર્ક કરવા જણાવાયુ છે. બાંસુરી વર્કશોપને સફળ બનાવવા દિપક જોષી (નિવૃત્ત પ્રોહિબીશન સુપ્રિન્ટેન્ડ), મેહુલ પારેખ (આર.ટી.ઓ. રાજકોટ), અનંતભાઇ કોઠારી અને બાંસુરી કલાપ્રેમીઓ જહેમત રહ્યા છે. તેમ જણાવ્યું છે.

રાજકોટ નાગરિક બેંકની જેતપુર શાખાનું ગ્રાહક મિલન યોજાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૩

સૌરાષ્ટ્ર-કચ્છની સર્વપ્રથમ મલ્ટીસ્ટેટ શેડ્યુલ્ડ બેંક, રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની જેતપુર શાખાનો ગ્રાહક મિલન સમારોહ યોજાયેલ હતો અને તેમાં બહોળી સંખ્યામાં ખાતેદારો-સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે જેતપુર શાખાનાં ખાતેદારો પૈકી વિવિધ કેટેગરીમાં મહેશભાઇ કુંવરીયા, નરેન્દ્રભાઇ અવલાણી, લક્ષ્મણભાઇ કુવાડ, આનંદભાઇ પારેખ, નેહાબેન પિપ્લાઇ, જીતેન્દ્રભાઇ દેસાઇ, ચંદ્રેશભાઇ જોગી, ડો. જીતેશભાઇ પારેખને મહાનુભાવોના હસ્તે સ્મૃતિભેટ આપી સન્માનિત કરાયા હતા.

શાખા વિકાસ સમિતિના કન્વીનર છગનભાઇ ઉસદડીયાએ સ્વાગત પ્રવચનમાં જણાવેલ કે, 'જેતપુર શાખાનો ૫૦મા વર્ષમાં મંગલ પ્રવેશ થયો છે. શાખાની કામગીરીમાં દિન-પ્રતિદિન વધારો થઇ રહ્યો છે. અમે સહુ વધુને વધુ સારી સેવા આપવા માટે કટીબદ્ધ છીએ.' શાખાના ક્રેડીટ મેનેજર જયભાઇ રાંયકંગોરે શાખાની કામગીરી, ગ્રાહક સેવાની વિવિધ જાણકારી આપી હતી.

કોરોના મહામારીના સમયમાં વેપારી વર્ગની મુશ્કેલીને સમજી ખરા સમયે આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના અંતર્ગત નજીવા વ્યાજદરે ધિરાણ ઉપલબ્ધ કરાવ્યું તેને બિરદાવતા જેતપુર પેકિંગ મટીરીયલ્સ એસોસીએશનના સંજયભાઇ પટેલ (પ્રમુખ), ચંદ્રેશભાઇ જોગી (ઉપપ્રમુખ) અને વિજયભાઇ રાદડીયા (સેક્રેટરી) દ્વારા રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ને કૃતજ્ઞતા સન્માન પુષ્પ સન્માનપત્ર એનાયત કરેલ હતું. આ પ્રસંગે વિશેષ ધ્યાન આપીને, ગ્રાહકોમાં ડીજીટલ વ્યવહાર માટે જાગૃતતા આવે તેને અનુલક્ષીને આર.બી.આઇ. અને અન્યો દ્વારા તૈયાર કરાયેલ વિવિધ વીડીયો ક્લીપ પ્રોજેક્ટર દ્વારા દર્શાવેલ. સાયબર અવેરનેસ જાળવવા શું કરવું અને શું ન કરવું તે અંગે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી.

આ સમારોહમાં શૈલેષભાઇ ઠાકર (ચેરમેન), જીમ્મીભાઇ દક્ષીણી (વાઇસ ચેરમેન), દીપકભાઇ મકવાણા (પ્રભારી ડિરેકટર), કાર્તિકેયભાઇ પારેખ (પ્રભારી ડિરેકટર), યતીનભાઇ ગાંધી (ઇન્ચાર્જ સી.ઇ.ઓ.), શાખા વિકાસ સમિતિમાંથી છગનભાઇ ઉસદડીયા (કન્વીનર), હિતેષભાઇ રાવલ (સહ-કન્વીનર), વિઠ્ઠલભાઇ કણજારીયા, મનસુખભાઇ ખાચરીયા, જવાહરભાઇ જોગી, હેમંતભાઇ બુટાણી, ડો. કિશોરભાઇ લાખાણી, ડો. ભગવાનજીભાઇ વેકરીયા, નરેન્દ્રભાઇ કોટડીયા, ભાવેશભાઇ રામાણી, શાખા વિકાસ સમિતિ-ધોરાજીમાંથી લલિતભાઇ વોરા (કન્વીનર), કરશનભાઇ માવાણી (સહ-કન્વીનર), ગિરીશભાઇ નથવાણી (શાખા વિકાસ સમિતિ-જુનાગઢ) ઉપરાંત રજનીકાંત રાયચુરા (ડી.જી.એમ.), જયેશભાઇ છાટપાર (એ.જી.એમ.-બેંકિંગ), મનીશભાઇ શેઠ (એ.જી.એમ.-ડીસેન્ટ્રલાઇઝડ-ક્રેડિટ), જગદીશભાઇ દવે (ડી.સી.એમ.), જયભાઇ રાયકંગોર (મેનેજર), વિપુલભાઇ દવે (પ્રમુખ-જાગૃત કર્મચારી મંડળ), ઉમેદભાઇ જાની, મનસુખભાઇ ગજેરા, આમંત્રિતો અને નાગરિક પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. તેમ જણાવ્યું છે.(૧૩)

૭ દિવસીય પ્રથમ 5A સાઈડ હોકી પ્રિમીયર લીગ ૨૦૨૩ નું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૩

આ ટુર્નામેન્ટનું આયોજન આવતીકાલ તા.૧૪ ને (રવિવાર) થી તા.૨૧ ને (રવિવાર) સવારે ૬:૩૦ થી ૯:૦૦ વાગ્યા સુધી મેજર ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ, રેસકોર્સ રાજકોટ ખાતે કરવામાં આવેલ છે. આ ટુર્નામેન્ટમાં કુલ ૬ ટીમો ભાગ લેશે અને દરેક ટીમમાં ૬ ખેલાડીઓ નો સમાવેશ થશે. આ ટુર્નામેન્ટ થકી હોકી કોચિંગ કેમ્પમાં આવતા જુનિયર તેમજ સબ જુનિયર ખેલાડીઓ ભૂતપૂર્વ અને અનુભવી ખેલાડીઓ સાથે રમશે જેથી યુવા ખેલાડીઓને પ્રોત્સાહન મળશે.

આ ટુર્નામેન્ટમાં ઘણી નામાંકીત કંપનીઓએ યોગદાન આપેલ છે જેમ કે, વિક્રમસિંહજી રાણા, ઉદયભાઈ પારેખ, વિક્રમભાઈ જૈન, યોગીનભાઈ છનીયારા, દિવ્યેશભાઈ ગજેરા અને મિતુલભાઈ ડોબરિયા જેથી ૬ ટીમોના નામ આ કંપનીઓના નામ પર રાખવામાં આવેલ છે.

ઉપરોક્ત આયોજનમાં રાજકોટ સિટી પોલીસ કમિશનર રાજુ ભાર્ગવનાં સીધા માર્ગદર્શન હેઠળ સિટી પોલીસ તરફથી અનિલભાઈ દવે (ASI) સ્પોર્ટ્સ ઇન્ચાર્જ) તેમજ હરેન્દ્રભાઈ જાની (ASI), હોકી રાજકોટ તરફથી, વીનેશભાઈ પટેલ (ઓરબીટ બેરિંગ), મહેન્દ્રભાઈ પંચાસરા (રૂપકલા એન્જિનિયરિંગ), જયદેવસિંહ જાડેજા, દિવ્યેશભાઈ ગજેરા, તેમજ જ્યોતિ ફાઉન્ડેશન તરફથી કૌશિકભાઈ સોલંકી અને હિતેશભાઈ પટેલ, M/s. ઓમ્નીટેક એન્જીનીઅરીંગ તરફથી પારસભાઈ પારેખ, શકિતસિંહ જાડેજા, બલવંતભાઈ જાની, અને દીક્ષિતભાઈ ગોસ્વામી તથા જ્યોતિ સીએનસીના વનરાજસિંહ જાડેજા તથા રિઝલ્ટ એડમાંથી અલ્પેશભાઈ ગોહિલ વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે. તેમ જણાવ્યું છે.(૧૩)

સાંસદ ખેલ સ્પર્ધા અંતર્ગત

કાલે શહેર ભાજપ રમતગમત સેલ દ્વારા 'કરાટે સ્પર્ધા' યોજાશે

સવારે ૧૧ કલાકે ઈન્ડોર સ્ટેડીયમ ખાતે સ્પર્ધાનું કમલેશ મિરાણી, મોહન કુડારીયા, રામ મોકરીયાના હસ્તે ઉદ્ઘાટન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૩

ગુજરાત પ્રદેશ ભાજપ રમતગમત સેલના કારોબારી સભ્ય જયદીપસિંહ સરવૈયા, શહેર ભાજપ રમતગમત સેલના સંયોજક કૌશિક અઢીયાની યાદીમાં જણાવાયું છે કે દર વર્ષે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા સમગ્ર દેશમાં યુવાનોમાં શારિરીક સૌષ્ઠવતા કેળવાય અને રમતગમત પ્રત્યે જાગૃતી કેળવાય તેવા શુભ આશયથી સાંસદ ખેલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે ત્યારે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ રમત-ગમત સેલ દ્વારા જયદીપસિંહ સરવૈયા, કૌશીક અઢીયા, મહેશભાઈ દીવેચાની આગેવાનીમાં અને લોકસભાના સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ

મોકરીયાની ઉપસ્થિતિમાં સાંસદ ખેલ સ્પર્ધા અંતર્ગત આવતીકાલે તા.૧૪/૫ના રવિવારે શહેરના એસ.એ.જી. સ્પોર્ટસ કોમ્પલેક્ષ, વિમલનગર મેઈન રોડ, સદગુરૂનગર, કાલાવડ રોડ સ્થિત ઈન્ડોર સ્ટેડીયમ ખાતે કરાટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જેનું ઉદ્ઘાટન આવતીકાલે સવારે ૧૧ કલાકે સાંસદો મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના હસ્તે કરવામાં આવશે. આ તકે ગુજરાત પ્રદેશ ભાજપ રમતગમત સેલના કારોબારી સભ્ય જયદીપસિંહ સરવૈયા, શહેર ભાજપ રમતગમત સેલના સંયોજક કૌશિક અઢીયાએ વધુમાં જણાવેલ સાંસદ ખેલ સ્પર્ધા અંતર્ગત આગામી સમયમાં ફુટબોલ, વોલીબોલ, ટેબલ ટેનીસ, સ્કેટીંગ, સ્વિમિંગ સહિતની સ્પર્ધાઓ યોજવામાં આવશે તેમ અંતમાં જણાવાયેલ હતું.

કર્ણાટકમાં કોંગ્રેસનો ભવ્ય વિજયઃ ગજુભા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૩

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રવકતા સિનિયર કોંગ્રેસ અગ્રણી ગજેન્દ્રસિંહ ઝાલા, રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નંબર ત્રણના પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી, શહેર મહિલા કોંગ્રેસ મહામંત્રી સરલાબેન પાટડીયા ની એક સંયુક્ત યાદી જણાવે છે કે હાલ કર્ણાટકમાં કોંગ્રેસનું રાજ નિશ્ચિત થયું છે ત્યારે પરિવર્તન એ સંસારનો નિયમ છે આ લખાય છે ત્યારે કર્ણાટકમાં સતા માટે ૧૧૩ સીટો જોઈએ ત્યારે હાલ બપોરના ૧૨:૩૦ કલાકે કોંગ્રેસની ૧૨૫ સીટ સાથે સત્તા સ્થાન તરફ આગળ ધપી રહી છે. કર્ણાટક તો એક ઝાંખી છે અબ દિલ્હી કી બારી કોંગ્રેસમુક્ત ભારતના સપનાઓ સેવતા અને કોંગ્રેસ મુક્ત ભારતની વાતો કહેનારાના ગાલ પર કર્ણાટકની પ્રજાએ સણસણતો તમાચો માર્યો છે. સત્તાસ્થાને બિરાજવાના ભાજપના અરમાન અધૂરા રહ્યા છે. મોંઘવારી અને બેરોજગારીના મુદ્દે ભાજપની બોલતી બંધ થઈ છે. છેલ્લે હિમાચલ પ્રદેશ અને કર્ણાટકમાં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે જ્યારે મુખ્ય લડાઈ હતી ત્યારે આ બંને રાજ્ય નેતાગીરી અને ચૂંટણીમાં ભાજપની હાર થઈ છે. તેમ અંતમાં ઝાલા અને આસવાણીએ જણાવ્યું છે.

રોટરી કલબ રાજકોટ પ્રાઈમ અને ડીવાઈન ટ્રસ્ટ દ્વારા રવિવારે ગોંડલ ખાતે સર્વરોગ આયુર્વેદ કેમ્પનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૩: રોટરી કલબ રાજકોટ પ્રાઈમ અને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે તા.૧૪ ને રવિવારે સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ વિદ્યામંદિર હાઈસ્કૂલ, ગોંડલ ખાતે દંત ચિકિત્સા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ડો.જયસુખભાઈ મકવાણાઅ અને તેમની ટીમના સર્વ ડો.કાજલ ગઢવી, ડો.હર્ષિદા વસાવા, ડો.કીર્તિ આમેટા, ડો.સંજય અગ્રાવત, મોનિકા ભટ્ટ, જાગૃતિ ચૌહાણ, અને રાજુભાઈ વરિયા સેવા આપશે. કેમ્પમાં દાંતના દર્દીને વિનામુલ્યે તપાસી જરૂર હશે તેમને આયુર્વેદની જાલંધર બંધ વિધિ વડે દાંત દાઢ કાઢી પણ અપાશે. દવા વિતરણ થશે તથા વૃદ્ધ વ્યક્તિ જેમને બત્રીસી બનાવવી હશે તેમને તદન ટોકન દરે બત્રીસી બનાવવા માપની વ્યવસ્થા પણ સ્થળ પર જ છે. આ કેમ્પોની સાથે સર્વરોગ આયુર્વેદ કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું છે. ડો.હેડગેવાર જન્મ શતાબ્દી સેવા સમિતિ અને અક્ષય ભારતી મિત્ર મંડળ તેમજ રાજકોટ જીલ્લા પંચાયત સરકારી આયુર્વેદ ચિકિત્સાલયના ઉપક્રમે સર્વરોગ આયુર્વેદ કેમ્પનું આયોજન પણ કરેલ છે. દર્દીઓને આ કેમ્પનો લાભ લેવા રોટરી પ્રાઈમના મેહુલભાઈ જામંગ અને ડીવાઈન ટ્રસ્ટના હસુભાઈએ ગોંડલ અને આસપાસના લોકોને લાભ લેવા અપીલ કરેલ છે.

દુઃખદ અવસાન

સ્વ. વજીબેન વેલજીભાઈ અબાસાણીયા
સ્વ. તા.૧૨-૦૫-૨૦૨૩
વૈશાખવદ સાતમને શુક્રવાર

અચાનક લીધી વિદાયે મન હજુ માનતું નથી કે આપ અમારી વચ્ચે નથી, ઉદય એનો અસ્ત આ સનાતન સત્ય હોવા છતાં કેટલાક મૃત્યુ એવા હોય છે કદી વિસરાતા નથી... પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના...

લી.

સવજીભાઈ વેલજીભાઈ અબાસાણીયા
રસીકભાઈ વેલજીભાઈ અબાસાણીયા

કર્ણાટક વિધાનસભામાં કોંગ્રેસના વિજયને આવકારતાઃ ડો.વસાવડા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૩

કર્ણાટક વિધાનસભામાં કોંગ્રેસના વિજયને આવકારતા પ્રદેશ કોંગ્રેસના અગ્રણી ડો.હેમાંગ વસાવડાએ જણાવ્યું હતું કે, કર્ણાટકની પ્રજાએ બેફામ ભ્રષ્ટાચાર, મોંઘવારી અને બેરોજગારીના મુદ્દાઓ પર નજર રાખી મતદાન કર્યું. આ વાત સ્પષ્ટ થાય છે.

વધુમાં જણાવ્યું કે, કર્ણાટકની પ્રજાએ તોડફોડની રાજનીતિ કરનારને જાકારો આપી અતી સ્પષ્ટ સંદેશ આપ્યો છે. બી.જે.પી. સક્રિય મજબુત વિરોધ પક્ષ તરીકે કામ કરશે તેવી અપેક્ષા.

ગીરગંગા પરીવાર ટ્રસ્ટ દ્વારા સુજલામ સુફલામ યોજના અંતર્ગત

જેતાકુબા ગામે વરસાદી પાણી બચાવવા માટે ચેકડેમો માંથી માટી કાઢવાના કાર્યનો પ્રારંભ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૩

સરકાર દ્વારા રાજકોટ જિલ્લાના ઘણા ગામડાઓમાં વર્ષો જૂના ચેકડેમોમાં વધુમાં વધુ વરસાદી પાણીનો સંગ્રહ થાય અને ખેડૂતોને સહાય રુપે સુજલામ સુફલામ (૬૦-૪૦)ની યોજના બહાર પડેલ છે, જેમાં ચેકડેમોની ફળદ્રુપ માટે કાઢીને ખેડૂતો પોતાના ખેતરમાં લઈ જઇ શકે છે. જેના પરીણામ સ્વરૂપે વરસાદી પાણી વધુમાં વધુ તે ઊંડા થયેલ ચેકડેમોમાં સમાયને ખેડૂતોને ખેતી માટે જરૂરિયાત પૂરતું પાણી સંગ્રહ થઈ શકે, ખેતરમાં ફળદ્રુપ માટી જવાથી પેરસ્ટ્રીસાઈઝ, દવા અને ખાતરના ઉપયોગ વગર ખેત ઉત્પાદનમાં ખૂબ સારો વધારો થશે અને ઉત્પાદનના ઉપભોક્તાના શરીરો નિરોગી રહેશે.

આવા સમયે જેતાકૂબા ગામડાના ખેડૂતોએ જાગૃત થઈને પોતાના ગામમાં વધુમાં વધુ પાણી સંગ્રહ થાય અને પરીણામ સ્વરૂપે ખેત ઉત્પાદન વધે, ગામના ખેડૂતની આર્થિક સફળતા વધે અને આપણો ભારત દેશ આર્થિક તાકાતથી સબળ બને તેના ગીરગંગા પરીવાર સાથે જોડાઈને સુજલામ સુફલામ યોજના અંતર્ગત જહેમત ઉઠાવી છે. પાણી બચાવવાના અભીયાનમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દાતાઓના સહયોગથી કાર્યરત છે અને લોકોને પણ અપીલ કરે છે કે પાણી છે તો જ આવતીકાલ છે, દરેક લોકોએ પાણી બચાવવા માટે સહયોગી બનવું જોઈએ, જેમાં જેતાકુબા ગામના સરપંચ રહિમભાઈ બેલા તેમજ ગામના આગેવાનો રતીભાઈ ખૂંટ, ખોડાભાઈ ખૂંટ, દિલીપભાઈ ખૂંટ, દિનેશભાઈ ખૂંટ અને જેતાકુબા ગામના ખેડૂતો તેમજ ગીરગંગા પરીવાર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દ્વારા આ કામને સફળ બનાવવા મહેનત કરેલ છે. વધુ માહિતી માટે દિલીપભાઈ સખીયા (મો. ૯૪૨૭૨ ૦૭૮૬૮), દિનેશભાઈ પટેલ (મો.૯૮૨૪૨૩૮૭૮૫) સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી છે.(૧૩)

રાજયના મંત્રી રાઘવજીભાઈ પટેલની ઉપસ્થિતિમાં રાજકોટ મહાનગરપાલિકા ખાતે મિટિંગ યોજાઈ

આજી રીવરફ્રન્ટ સહિતના વિકાસ કામો મંજૂર કરવા રજૂઆત

રૂડા દ્વારા ૧૫૦ ફૂટ રીંગ રોડને ચાર માર્ગીય બનાવવા માટે ગ્રાન્ટ, મવડી–વાવડી–માધાપરની ટી. પી. સ્કીમો વહેલા સર મંજુર થાય તે માટે પ્રભારી મંત્રી સમક્ષ રજૂઆત કરાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૩

આજે રાજ્યના તથા રાજકોટ જીલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલની ઉપસ્થિતિમાં રાજકોટ મહાનગરપાલિકા ખાતે મિટિંગ યોજાયેલ. આ બેઠકમાં સરકારમાં રહેલ વિવિધ પ્રશ્નો જેવા કે, રામનાથ મંદિર ડેવલપમેન્ટ અને આજી રીવરફ્રન્ટ અને નવા ભળેલા વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાના કામ તેમજ રૂડા દ્વારા ૧૫૦ ફૂટ રીંગ રોડને ચાર માર્ગીય બનાવવા માટે ગ્રાન્ટ, મવડી-વાવડી-માધાપરની ટી. પી. સ્કીમો વહેલા સર મંજુર થાય તે માટે પ્રભારી મંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. આ ઉપરાંત સંસદ સભ્યઓ, ધારાસભ્યઓ તેમજ મહાનગરપાલિકાના પદાધિકારીઓ દ્વારા રજુ થયેલ વિવિધ પ્રશ્નો જેવા કે, વિધાનસભા ૬૮માં પીવાના પાણી તેમજ ચોમાસા પૂર્વે રસ્તાના પેચ વર્કના કામો, વિધાનસભા ૭૦માં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ શાળા બિલ્ડીંગ સત્વરે કાર્યરત થાય તે માટે શિક્ષણ વિભાગની વહેલાસર મંજુરી મળે તે માટે તેમજ રૂડા દ્વારા બનાવવામાં આવતા આવાસો રૂડા હેઠળના વિસ્તારોમાં અલગ-અલગ સ્થળોએ બનાવવા જેમ કે, શાપર વેરાવળમાં કામ કરતા શ્રમિકોને નજીકના સ્થળોએ જ આવાસો મળે તેવું આયોજન કરવું. વિધાનસભા ૬૯માં વોર્ડ નં.૩માં આવેલ ચોમાસાની ઋતુમાં પોપટપરા નાળામાં જે સમસ્યા સર્જાઈ છે તેના નિરાકરણ માટે રજૂઆત કરાયેલ. આ ઉપરાંત કોર્પોરેશનના અન્ય વિભાગો લગત પ્રશ્નોની ચર્ચા વિચારણા કરાયેલ.

આ તમામ ચર્ચા વિચારણા અને સમીક્ષાને અંતે પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવેલ કે, સરકાર કક્ષાએ નિર્ણય લેવાના થતા રાજકોટ મહાનગરપાલિકા અને રૂડાના વિવિધ પ્રશ્નો અંગે સરકાર સાથે યોગ્ય સંકલન કરીશું. આ ઉપરાંત રાજકોટ શહેર સૌરાષ્ટ્રનું પાટનગર છે અને વિકસિત શહેર છે જેથી લોક પ્રશ્નો અંગે વહીવટી તંત્ર દ્વારા ચુટાયેલા પ્રતિનિધિઓ સાથે યોગ્ય સંકલન કરી લોક સુખાકારીના કામો ઝડપથી આગળ ધપે તેવા આપણે સૌ સાથે મળી પ્રયાસો કરીએ. રાજકોટના સાંસદઓ, ધારાસભ્યઓ, મહાનગર પાલિકાના પદાધિકારીઓ અને મ્યુનિ. કમિશનર વગેરે શહેરની વિકાસ પ્રક્રિયા આગળ ધપાવવા માટે ખુબ જ ઉત્સાહી છે. શહેરના વિકાસ તેમજ પ્રાથમિક સુવિધાના કામો અંગે નગરજનોની અપેક્ષા ઝડપભેર પૂર્ણ થાય તેવી આશા રાખું છું.

આ મિટિંગમાં સંસદ સભ્યઓ મોહનભાઈ કુંડારિયા અને રામભાઈ મોકરિયા તેમજ મેયર ડો. પ્રદીપ ડવ, ધારાસભ્યઓ ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, ડો.દર્શિતાબેન શાહ, શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, ડે. મેયર કંચનબેન સિધ્ધપુરા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પુષ્કરભાઈ પટેલ, મ્યુનિ. કમિશનર આનંદ પટેલ, શાસક પક્ષના નેતા વિનુભાઈ ઘવા, દંડક સુરેન્દ્રસિંહ વાળા, નાયબ મ્યુનિ. કમિશનરઓ અનીલ ધામેલિયા, ચેતન નંદાણી તેમજ વિવિધ શાખાના અધિકારીઓ ઉપસ્થિત રહેલ.

એપાર્ટમેન્ટના સ્થાનિક રહેવાસીઓને ફાયર સેફટી અંગે તાલીમ અપાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૩

મહાનગરપાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા શહેર વિસ્તારમાં આવેલ હાઇરાઇઝ બિલ્ડીંગમાં લગાવવામાં આવતી ફાયર સેફટીના સાધનો જે બિલ્ડીંગમાં રહેતા લોકોને જાગૃતી માતૃ એસ્ટીલા એપાર્ટમેન્ટ, સુંદરમ સીટીની બાજુમાં રેલનગર, ખાતે ફાયર સેફટીની મોકડ્રીલનું આયોજન કરવામા આવેલ.

આ મોકડ્રીલમાં અંદાજે ૪૦ થી ૪૫ રહેવાસીઓ જોડાયેલ. જે મોકડ્રીલમાં ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગના સ્ટેશન ઓફિસર એ.બી.ઝાલા, ફાયરમેન રણજીત ભરડા, મેહુલ અમલીયાર, વિજયભાઇ, હરેશભાઇ નાકીયા, ડ્રાઇવર બિપીનભાઇ તથા ટ્રેનર સહિતના સ્ટાફ દ્વારા બિલ્ડીંગમાં લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને ફાયર સેફટીના સાધનોને આગ લાગે ત્યારે કઇ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઇએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્સ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઇ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગે માર્ગદર્શન અને મોકડ્રીલનું આયોજન કરવામાં આવેલ હતું.

વોર્ડ નં.૧૬,૧૭,૧૮માં વોકળા સફાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૩: મહાનગરપાલિકા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા હેઠળ વોંકળા વિભાગ દ્વારા પ્રી-મોનસુન કામગીરી અંતર્ગત ગત તા.૧૦-૫ ના રોજ પૂર્વ ઝોનના વોર્ડ ન.૧૬ અને ૧૮ માં તથા વોર્ડ નં.૧૭ માં કોઠારીયા હાઇવેના સર્વિસ રોડ ઉપર આવેલ બોક્સ ગટરની સફાઇ કરવામાં આવેલ હતી. જેમાં ૨ જે.સી.બી-ડમ્પર દ્વારા ૩ ડમ્પર ફેરા એમ અંદાજીત ૩૦ ટન ગાર, કચરો ઉપાડેલ છે. મેયર તથા કમિશનરની સુચના અનુસાર રાજકોટ શહેરમાં આવેલ તમામ હયાત વોકળાઓની સફાઇ પ્રિ-મોનસુન કામગીરી અંતર્ગત ચાલુ કરવામાં આવેલ છે. જે અંતર્ગત ડે.મેયર કંચનબેન સિધ્ધપુરા, શાસકપક્ષ નેતા વિનુભાઇ ધવા, સેનિટેશન કમિટીના ચેરમેન અશ્વિનભાઇ પાંભર, વોર્ડના કોર્પોરેટર સંજયસિંહ રાણા, સંદિપભાઇ ગાજીપરા, નરેન્દ્રભાઇ ડવ, કિર્તીબા રાણા વિગેરે અને વોર્ડ સંગઠનના આગેવાન તથા પૂર્વ ઝોનના નાયબ પર્યાવરણ ઇજનેર પી.સી. સોલંકીના માર્ગદર્શન હેઠળ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની ટીમ દ્વારા કામગીરી કરવામાં આવેલ હતી.

રાજ્ય સરકારના ખેડૂત પોર્ટલના નવા નિર્ણયને આવકારતા વિજય કોરાટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૩

રાજ્ય સરકારે તાજેતરમાં વધુ એક ખેડૂત હિત લક્ષી નિર્ણય એટલે રાજ્યના ખેડૂતો માટે આઈ ખેડૂત પોર્ટલનો પ્રારંભ કરવાના સરકારના નિર્ણયને આવકારતા ગુજરાત પ્રદેશ ભાજપ કિશાન મોરચાના વિજયભાઈ કોરાટે જણાવ્યું હતું કે, દેશમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને ગુજરાત રાજ્યમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં કુશળ સંગઠન અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ ગુજરાતે વિકાસની હરણફાળ ભરીને સૌનો સાથ - સૌનો વિકાસના મંત્રને ચરિતાર્થ કર્યો છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ખેડૂતો માટે વધુ એક જનહિત લક્ષી નિર્ણય આઈ ખેડૂત પોર્ટલ સોમવારથી શરૂ કરવામાં આવનાર છે. આ ખેડૂત પોર્ટલમાં ઓનલાઈન અરજી ઈન્વર્ડ કરવાની રહશે. આ નવી પોર્ટલ પદ્ધતિમાં વહેલા તે પહેલાના ધોરણે ૧૧૦%ની મર્યાદામા ઓટો લોક થઈ જશે ખેતીવાડી ખાતાના જે ઘટકો માટે લક્ષ્યાંક કરતા ઓછી નાણાંકીય સિદ્ધિ થાય તેવા કિસ્સામાં જરૂરીયાત મુજબ આઈ ખેડૂત પોર્ટલ ફરીથી ખોલવામાં આવશે.આ વર્ષથી આ નવી પદ્ધતિ લાગુ કરવામાં આવી છે.

સોમવારથી રાજ્યના કૃષિકારો માટે આઈ ખેડૂત પોર્ટલનો પ્રારંભ

જેમાં અત્યાર સુધી આ પોર્ટલમાં જેટલી અરજીઓ આવતી તેમાથી ડ્રો સીસ્ટમથી ફાળવણી કરવામાં આવતી અને બાકી રહી ગયેલા ખેડૂતોને બીજા વર્ષે ફરીથી અરજી કરવી પડતી હતી તેની જગ્યાએ પ્રદેશ કિશાન મોરચાના અધ્યક્ષ હિતેશભાઇ પટેલ,મહામંત્રીઓ હિરેનભાઈ હિરપરા, સરદારભાઇ ચોધરી અને પ્રદેશ કિશાન મોરચાની ટીમે રાજ્ય કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલને રજૂઆત કરતા તેમણે વેહલા તે પહેલાના ધોરણે પોર્ટલ ચાલુ કરેલ છે અને જે ઘટકમાં પોર્ટલની લીમીટ પૂરી થય જાય અને પોર્ટલ આપો આપ બંધ થય જશે એટલે જે ખેડૂતોએ જે જે ઘટકમાં અરજી કરવાની હોઈ તે વહેલી તકે કરી નાખે જેનાથી ખેડૂતને અરજી કરવામાં સરળ રહશે આઈ ખેડૂત પોર્ટલનો પ્રારંભ કરવાના આ નિર્ણયને વિજયભાઈ કોરટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષ સી.આર.પાટીલ, રાજ્યના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલને અભિનંદન પાઠવીને રાજ્યના તેમજ જીલ્લાના ખેડૂતોને મોટી સંખ્યામાં નામ નોધાવવા હાકલ કરી છે.

જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશન રાજકોટ દ્વારા રવિવારે મોટિવેશનલ કાર્યક્રમ યોજાશે

માત્રી ઉણપ એ જ મારી તાકાત કાર્યક્રમનું સંચાલન આર.જે. મેઘા ઠક્કર અને ડો. પ્રિયા કોટીયન કરશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૩

જુવેનાઇલ ડાયાબિટીસ ફાઉન્ડેશન રાજકોટ દ્વારા ટાઇપ - ૧ ડાયાબિટીસ ધરાવતા બાળકો માટે નીઃસ્વાર્થભાવે અવિરત ચાલતા સેવા યજ્ઞને ૧૯ વર્ષ પૂર્ણ થયા છે. સંદર્ભે આર.જે. મેઘા ઠક્કર અને ડો. પ્રિયા કોટીયનને સંગ મારી ઉણપ એજ મારી તાકાત મોટિવેશન કાર્યક્રમ ૩.૦ આયોજન તા. ૧૪ ને રવિવારના સવારે ૧૦ કલાકે પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ, રૈયા રોડ, આલાપગ્રીન સામે કરવામાં આવ્યું છે.જુવેનાઇલ ડાયાબિટીસ પીડિત બાળકો અને તેમના પરિવાર માટે આર.જે. મેઘા ઠક્કર અને ડો. પ્રિયા કોટીયન આ કાર્યક્રમમાં પ્રેરણાનો વરસાદ વરસાવશે.આ કાર્યક્રમમાં દરેક આવનાર બાળકને ડાયાબિટીસ-૧ ની રૂ.૧૫૦૦ની મેડિકલ કિટ તદ્દન નિશુલ્ક આપવામાં આવશે.

આ સમારંભનું ઉદ્ઘાટન અશોક ગોંધીયા મેમોરિયલ ટ્રસ્ટના ઈન્દુભાઈ વોરા, ગુજરાત હેલ્થ વિભાગના ડાયરેકટર ડો. નયનભાઈ જાની, વાસુદેવ રાવલ ચેરીટેબલ ઊંઝાના ટ્રસ્ટી, ડો. સ્મિતા જોશી, પ્રશાંત કાસ્ટીંગ પ્રા. લી. ના શંભુભાઈ પરસાણા, પટેલ બ્રાસના રમેશભાઈ પટેલ, વાસુદેવ રાવલ ચેરી. ટ્રસ્ટ ઊંઝા ના ટ્રસ્ટી શુકલાબેન રાવલ, ઇમેપેરિઅલ સર્જીકલ સુરેશભાઈ ત્રિવેદી, ઇન્ડિયા બ્રાસ વર્કસ પ્રા. લી. ના ભરતભાઈ પટેલ, લોહાણા મહાજન જામનગરના પ્રમુખ તથા અગ્રણી ઉદ્યોગપતિ જીતુભાઇ લાલ કરશે.મુખ્ય મહેમાન તરીકે ડો. પારસ શાહ, ડો. સંજય ટીલાળા, ડો. રાધેશ્યામ ત્રિવેદી, ડો. ઝંખના મહેતા, સંજયભાઈ બાજપાઈ, જયશ્રીબેન શાહ, સંજયભાઈ લાખાણી હાજર રહેશે.

૧૪ મિલ્કતો સીલ, ૧૦૬ મિલ્કતોને ટાંચ જપ્તીની નોટીસ, ૧.૩૪ કરોડ રીકવરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૩

મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલની સુચના અનુસાર વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ ની રીકવરી ઝુંબેશ અંતર્ગત તા.૧૨-૫ ના રોજ બપોરે ૧ કલાક સુધીમાં ૧૪ મિલ્કતોને સીલ કરેલ તથા ૧ નળકનેકશન કપાત કરેલ. ૧૦૬ મિલ્કતોને ટાંચ જમીની નોટીસ આપેલ. રૂા.૧.૩૪ કરોડ રીકવરી કરેલ. રેલનગરમાં આવેલ ૧ નળકનેકશન કરતા રૂા.૬૧,૨૭૦ રીકવરી કરેલ. પેડક રોડ પર આવતા ૧ યુનિટને નોટીસ આપેલ. પેડક રોડ પર આવેલ માજૂતીનગરમાં ૧ યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રૂા.૧.૬૬ લાખ રીકવરી કરેલ. ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ ૧ યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રૂા.૨.૫૩ લાખ રીકવરી કરેલ. યુનિવર્સિટી રોડ પર આવેલ ૧ યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રૂા.૩૪,૯૩૨ રીકવરી કરેલ.

મનપાની વેરા વસુલાત શાખા દ્વારા કરાઈ કામગીરી

તા.૧૨-૫ ના રોજ બપોર સુધીમાં ૧૪ મિલ્કતોને સીલ કરેલ તથા ૧ નળકનેકશન કપાત તથા ૧૦૬ મિલ્કતોને ટાંચ જમી નોટીસ આપેલ. રૂા.૧.૩૪ કરોડ રીકવરી કરેલ.

આ કામગીરી આસી. મેનેજર રાજીવ ગામેતી,મયુર ખીમસુરીયા, વિવેક મહેતા, નિરજ વ્યાસ તથા તમામ વોર્ડ ઓફિસર, તમામ વોર્ડ ટેક્ષ ઈન્સપેક્ટરઓ દ્વારા આસી.કમિશનર સમીર ધડુક તથા વી.એમ.પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

રવિવારે વોકાથોનમાં સરગમ કલબ પરિવારના તમામ બહેનો ઉત્સાહભેર જોડાશે : ગુણુભાઇ ડેલાવાળા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૩

શહેર પોલીસ દ્વારા આગામી તા. ૧૪ના રવિવારે આંતરરાષ્ટ્રીય માતૃ દિવસની ઉજવણી અંતર્ગત મહિલાઓ માટે વોકાથોનનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઇ ડેલાવાળા અને સરગમ લેડીઝ કલબના ચેરમેન ડો.ચંદાબેન શાહ, પ્રમુખ નીલુબેન મહેતાએ સરગમ પરિવારના તમામ લેડીઝ કલબ મેમ્બર બહેનોએ આ વોકાથોનમાં જાડાવા અપીલ કરી છે.

આ વોકાથોન તા ૧૪ના સવારે ૬:૩૦ વાગ્યે રેસકોર્સ પોલીસ હેડ કવાર્ટર પાસેથી શરૂ થશે. એન.સી.સી. ચોક, કિસનપરા, જિલ્લા પંચાયત ચોક અને બહુમાળી ભવન થઇને પોલીસ હેડ કવાર્ટર સુધીના રૂટ ઉપર યોજાવાની છે. આ વોકાથોનમાં મહિલાઓ પરંપરાગત પટોળા અથવા બાંધણી પહેરીને આવે તેવો આગ્રહ પોલીસ તંત્રે રાખ્યો છે. જો કે જે બહેનોને સાડી અનુકુળ ન હોય તેઓ ડ્રેસ પહેરીને પણ આવી શકે છે. તેમ જણાવ્યું છે. વોકાથોનમાં જોડાનાર બહેનો તેમના વાહનો રેસકોર્ષ મેદાન અને પોલીસ હેડ કવાર્ટરમાં રાખી શકે તેવી વ્યવસ્થા પણ હોવાનું ગુણવંતભાઇ ડેલાવાળાની યાદીમાં જણાવાયું છે.

સાહિત્ય સેતુ દ્વારા પુસ્તક પરબનો ૧૮ મો મણકો

શહેરીજનોને લાભ લેવા અનુરોધ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૩

દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ-ઢોલરા પ્રેરિત સાહિત્યક પ્રવૃત્તિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ દ્વારા વાંચન જાગૃતિ અભિયાન અંતર્ગત દર મહિનાના પ્રથમ રવિવારે શરૂ કરવામાં આવેલ. રસિકભાઇ મહેતા પુસ્તક પરબનો ૧૯ મો મણકો તા.૧૪ મે રવિવારના રોજ સવારના ૧૦ થી ૧ વાગ્યા સુધી શહેરના કલાવડ રોડ નૂતનનગર ઐતિહાસિક, ચિંતનાત્મક, નવલકથા સહિતના વિવિધ વિષયોના આવરી લેતા પુસ્તકો વાંચનપ્રેમીઓ માટે ખુલ્લા મૂકવામાં આવે છે. જેમાંથી વાંચનપ્રેમીઓ પોતાને મનગમતા પસ્તુકો કોઇ પ્રકારની સભ્ય સભ્ય ફી, ડિપોજીટ કે લવાજમ ભર્યા વગર લઇ જઇ શકે છે. શહેરના વાંચનપ્રેમીઓ, સાહિત્યપ્રેમીઓ, શહેરીજનોને પુસ્તક પરબની મુલાકતે પધારવા જાહેર અનુરોધ કરાયો છે. પુસ્તક પરબ અંગે વિશેષ માહિતી પૂછપરછ માટે સંસ્થાના સંયોજક અનુપમ દોશી (મો.નં. ૯૪૨૮૨ ૩૩૭૯૬)નો સંપર્ક સાધવા જણાવ્યું છે.(૧૩)

દેહદાન મહાદાન

અવસાન નોંધ

રાજકોટ: રાજકોટ નિવાસી સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર મોદી (ઉ.વર્ષ ૮૬) તે સ્વ. સુરેશચંદ્ર સાકરલાલ મોદીના પત્ની તે એ.જી.ઓફીસવાળા પરેશભાઈ સુરેશચંદ્ર મોદીના માતા તે હીનાબેનના સાસુ તે હીતાર્થ પરેશભાઈ મોદી તથા જીનલબેન જયભાઈ મહેતાના દાદી તથા વઢવાણવાળા દીપનભાઈ જ્યોતિન્દ્રભાઈ દોશીના ફઈબા તે નયભાઈ ચમનલાલ શાહના માસી તે પ્રકાશભાઈ, મનોજભાઈ તથા પારસભાઈના કાકી તા.૧૩ ને શનિવારના રોજ અવસાન થયું છે. સદગતનું ઉઠમણું તથા પ્રાર્થનાસભા સોમવાર તા.૧૫ ના રોજ સવારે ૧૦:૩૦ થી ૧૨ રોયલ પાર્ક ઉપાશ્રય કાલાવાડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. સદગતનું ચક્ષુદાન કરેલ છે. પરેશભાઈ મોદી-૯૪૨૬૯૯૮૯૫૦, હીતાર્થભાઈ મોદી - ૮૩૨૦૭૪૨૮૩૨

રાજકોટ: મૂળ અગતરાય હાલ રાજકોટ નિવાસી વીણાબેન ડોલરભાઈ મીઠાણી તે સ્વ. ડોલરભાઈ હીરાચંદભાઈ મીઠાણીના પત્ની અને સ્વ.મગનલાલ દામોદરભાઈ વાઘર (જામનગર)ના દીકરી તથા હરેશભાઇ, હર્ષદભાઈ (બકુલભાઈ), મુકેશભાઈ, નરેશભાઈ, હિતેશભાઈના ભાભી, વર્ષાબેન (રૂપાબેન) કૌશલકુમાર શેઠ, ગૌતમભાઈ ડોલરભાઈ મીઠાણી, જુલીબેન હિમાંશુકુમાર પારેખના માતાનું તા.૧૨-૫ ના રોજ અવસાન થયું છે.

પાણીના ટાંકા બનાવવા અને સ્માર્ટ ફોન ખરીદી માટે આઇ-ખેડુત પોર્ટલ પર અરજી કરવા અનુરોધ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૩

રાજ્યના ખેડુતો ખેતીવાડી ખાતાની પાણીના ટાંકા બનાવવા માટેની સહાય અને સ્માર્ટફોનની ખરીદી પર સહાયનો લાભ લઇ શકે તે માટે આઇ ખેડુત પોર્ટલ તા. ૧૫-૫ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકથી ખેડુતો દ્વારા ઓનલાઇન અરજીઓ કરવા માટે ખુલ્લું મુકવામાં આવશે.

રાજકોટ જિલ્લાના તમામ ખેડુતોને આ ઘટકોમાં સહાય મેળવવા માટે વહેલા તે પહેલાના ધોરણે ઓનલાઇન અરજી કરી, અરજીની નકલ પોતાની પાસે રાખવા જણાવવામાં આવે છે. પૂર્વ મંજુરી મળ્યેથી અરજીની નકલ સાથે જરૂરી સાધનિક દસ્તાવેજ લગત તાલુકા વિસ્તરણ અધિકારી (ખેતી)ને પહોંચાડવાના રહેશે. આઇ-ખેડુત પોર્ટલ પર વધુને વધુ ખેડુતો આ યોજનાનો લાભ મેળવવા અરજી કરે તે અંગે જિલ્લા ખેતીવાડી અધિકારી અશોક સોજિત્રાએ અનુરોધ કર્યો છે.

સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, સોમનાથ ખાતે પ્રવેશ પ્રક્રિયા શરૂ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૩

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સંચાલિત સંસ્કૃત કોલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે શાસ્ત્રી શિક્ષાશાસ્ત્રી **(B.A.B.Ed.)** સંસ્કૃત અભ્યાસક્રમ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. ઈચ્છુક વિદ્યાર્થીઓ યુનિ. વેબસાઈટ **https://www.sssu.ac.in/** પરથી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. પ્રવેશ પરીક્ષા તા.૬-૬ ના રોજ યુનિવર્સિટી ખાતે યોજાશે. આ ૪ વર્ષ (૮ સેમેસ્ટર) ના સંસ્કૃત માધ્યમના અભ્યાસક્રમ હેઠળ અધ્યાપનના વિષયો સાહિત્ય, પુરાણ, વેદ, જ્યોતિષ, વ્યાકરણ, દર્શન રહેશે. યુનિવર્સિટી કેમ્પસ પર ભાઈઓ અને બહેનો માટે હોસ્ટેલ, ગ્રંથાલય, જીમ, કમ્પ્યુટર લેબ, સંસ્કૃત સંભાષણની તાલીમ, સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી, ઈન્ડોર તથા આઉટડોર રમત માટેની સુવિધાઓ ઉપલબ્ધ છે. પ્રવેશને લગતી વધુ માહિતી યુનિ. વેબસાઈટ પરથી મેળવી શકાશે. પ્રવેશ માટે ફોન નંબર ૦૨૮૭૬-૨૪૪૫૩૨/૩૩ પર કે સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સંકુલ, રાજેન્દ્રભુવન રોડ, વેરાવળ, જિ. ગીર સોમનાથ ખાતે સંપર્ક કરી શકાશે. તેમ કુલસચિવ ડો.દશરથ જાદવની યાદીમાં જણાવ્યું છે.

રાજકોટમાં યોજાઈ લોકઅદાલત

રાજકોટ તા.૧૩

આજ રોજ રાષ્ટ્રીય મેગા લોક અદાલતનુ આયોજન રાષ્ટ્રીય કાનૂની સેવા સતા મંડળ, ન્યુ દીલ્હીના આદેશ મુજબ સમગ્ર રાષ્ટ્ર લેવલે કરવામાં આવેલ તેમજ તેના ભાગરૂપે ગુજરાત રાજ્ય કાનુની સેવા સતામંડળ, અમદાવાદનાઓના ઉપક્રમે જલલા કાનુની સેવા સતા મંડળ, જીલ્લા ન્યાયાલય રાજકોટ દ્વાર પણ ઉત્કર્ષ ઠાકોરભાઈ દેસાઈ, ચેરમેન, જીલ્લા કાનુની સેવા સતા મંડળ, રાજકોટના માર્ગદર્શન તથા સબળ નેતૃત્વ હેઠળ રાજકોટ જીલ્લાની તમામ આદાલતોમાં આજરોજ મેગા લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ. લોક અદાલતનું ઉદઘાટન રાજકોટના કોર્ટ સ્ટાફ હમીરભાઈ છેતરીયા, દર્પણ વીસપરા, કાર્તીક ભટ્ટ, મીતેષભાઈ ત્રિવેદી, યતીનભાઈ ભટ્ટ દ્વારા દિપ પ્રાગ્ટય કરવામાં આવેલ. ઉદ્ઘાટન પ્રસંગે રાજકોટ હેડ કવાર્ટરના તમામ ન્યાયાધીશ, બાર એસોસિએશનના પ્રમુખ, તમામ હોદ્દેદારો, જુદી જુદી વીમા કંપનીના ઓફીસરો, પી.જી.વી. સી.એલના તેમજ વિવિધ બેંકના અધિકારીઓ તેમજ પક્ષકારો ઉપસ્થિત રહેલ હતા. ધોરાજીના આર.એફ. ત્રિવેદીએ લોક અદાલતમાં થતા લાભ તથા કોર્ટનું ભારણ ઘટાડવામાં લોક અદાલત કઈ રીતે મદદરૂપ થાય છે તે અંગે માહિતી આપેલ. લોક અદાલત અગાઉ લગભગ છેલ્લા ત્રણેક મહિનાથી જુદી જુદી વીમા કંપની, ફાયનાન્સ કંપની, પોલીસ અધિકારી વિગેરે સાથે મિટિંગો યોજી લોક અદાલત પહેલા પ્રિ-સીટીંગનું આયોજન કરી આજના દીવસે વધુ કેસો સમાધાન રાહે નિકાલ થાય તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવેલ હતા. લોક-અદાલતમાં પક્ષકારો પોતાનો કેસ મુકી સમાધાનથી નિર્ણિત કરવામાં આવે તો બંને પક્ષકારોને લાભ કર્તા છે, બંને પક્ષકારો વચ્ચે સમાધાનથી કેસનો નિકાલ થાય છે તથા કોઈનો વિજય નહી તેમજ કોઈનો પરાજય નહીં તેવી પરીસ્થિતી ઉદભવે છે અને તે કારણસર પક્ષકારી વિવાદ મુકત બને છે તથા વૈમનસ્યથી મુકત થવાય છે તેમજ પક્ષકારોની સમજણ તથા સમજુતીથી કેસનો નિકાલ થયેલ હોય અપીલ થતી નથી જેથી ભવિષ્યના વિવાદથી પણ પક્ષકારોને છુટકારો મળે છે. જેમાં જુદી જુદી કેટેગરીના ૨૭૦૦૦ પેન્ડીંગ કેસો હાથ પર લેવામા આવેલ હતા જેમાંથી અત્યાર સુધીના સમય ગાળામાં ૬૦ ટકા નિકાલ થયેલ હતો તથા ૧૫૦૦૦ ઈ મેમોના કેસ હાથ ધરવામાં આવેલ હતા તેમ જણાવ્યું છે.

અમરેલી જિલ્લામાં ૧૮ ગામડા અને ૯ પાલિકાઓમાં અમૃત આવાસોત્સવ કાર્યક્રમ સંપન્ન

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી, તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતેથી યોજાયેલ અમૃત આવાસોત્સવ અંતર્ગત અમરેલી જિલ્લામાં ૧૮ ગામડાં અને ૦૯ નગરપાલિકાઓમાં અમૃત આવાસોત્સવ અંતર્ગત વર્ચ્યુઅલ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં અમરેલી નગરપાલિકા ખાતે જિલ્લા કલેકટર અજય દહિયાની પ્રેરક ઉપસ્થિતિમાં પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરીનાં ૦૩ લાભાર્થીઓને ચાવી આપવામાં આવી હતી. અમરેલી જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણના ૪૩ લાભાર્થીઓને ઘરનું ઘર મળ્યું જયારે શહેરી લાભાર્થીઓને પણ ઘરનું ઘર મળ્યું છે. આ કાર્યક્રમમાં લાભાર્થીઓ અમરેલી નગર પાલિકાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ક્રાઈમ કોર્નર

તારા ટાંટીયા ભાંગી નાખવા છે' કહી જમાઈનો સસરા પર લાકડીથી હુમલો

ગોંડલમાં મારામારી, ખંડણી, ચોરી, લૂંટ જેવા બનાવો સામાન્ય બની ગયા છે. પોલીસનો કોઈ ખૌફ જ ન રહ્યો હોય તેમ આવારા તત્વો બેફામ બન્યા છે. એક સમયનુ શાંત શહેર હવે હાદસો કા શહેર બનતુ જાય છે. ગઇકાલે નજીવી બાબતે જમાઈ જમ બનીને સસરા પર લાકડીથી તૂટી પડયાનો બનાવ સામે આવ્યો હતો. પ્રાપ્ત વિગત મુજબ ગોંડલ તાલુકા પોલીસ મથક સામે આવેલ ખેડૂત હિતેષ પીપળીયાની વાડીમાં રહેતા મછાભાઈ મેરામભાઈ ગમારા (ઉ.૫૫) ગઈરાત્રે વાડીએ હતા ત્યારે તેનો જમાઈ ભુપત ગોલતર ધસી આવ્યો હતો અને ઝઘડો કરી લાકડીથી બેફામ માર મારી નાસી છૂટ્યો હતો. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા પ્રૌઢને સારવારમાં રાજકોટ સીવીલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે ગોંડલ પોલીસને જાણ કરી હતી. વધુમાં ઈજાગ્રસ્ત પ્રૌઢના પુત્ર રેવાભાઈએ જણાવ્યુ હતુ કે તેમની બહેનના લગ્ન ભુપત ગોલતર સાથે કર્યા હતા અને ભુપતની બહેનના લગ્ન તેમની સાથે કર્યા હતા તેમજ તેમના પિતાએ શાપરમાં ખરીદેલ મકાન પર ભુપતે કબ્જો કરી લીધેલ હતો. જે મામલે માથાકૂટ ચાલતી હતી. દરમ્યાન ભુપત તેમની બહેનને અમારા ઘરેથી લઈ જતા અમે પણ મારી બહેનને ત્યાંથી લઈ આવતા તે ઉશ્કેરાયો હતો અને હુમલો કર્યો હતો. બનાવ અંગે પોલીસે વધુ તપાસ આદરી હતી.

મજૂરીના રૂપિયા માંગવા ગયેલ પટેલ પ્રૌઢને સરપંચે મારમાર્યોઃ સામી ફરિયાદ દાખલ

પીપળવા ગામના બસસ્ટેન્ડમાં સરપંચ અને પ્રૌઢ વચ્ચે થયેલ માથાકૂટમાં જેતપુર પોલીસ મથકે સામસામી ફરિયાદ નોંધાઈ હતી. બનાવ અંગે ફરિયાદી ધીરૂભાઈ બચુભાઇ સાવલીયા-(ઉ.વ.૬૫),(રહે,પીપળવા, જેતપુર) એ જણાવ્યું હતું કે, ગઇકાલે તેઓ બપોરના પાંચ વાગ્યાની આસપાસ ગામના બસ સ્ટેશન પાસેથી ચાલીને ઘરે જતા હતાં ત્યારે બસસ્ટેન્ડના ઓટા પર બેસેલા ગામના સરપંચ રાજુભાઈ ધીરજલાલ સાવલિયા પાસે તેઓ ગયેલ હતાં. અને તેમની મજૂરીના નીકળતા પૈસા માંગતા સરપંચ એકદમ ઉશ્કેરાયેલ ગયેલ અને ગાળો આપવા લાગતાં તેમને ગાળો નહીં આપવાનું કહેતાં સરપંચ ઢીકાપાટુનો મારમારવા લાગેલ અને ફડાકા ઝીંકી દિધા હતાં. દરમિયાન ત્યાંથી ફરિયાદીનો ભત્રીજો રાજુ સાવલિયા નીકળતાં તે મને વધુમારથી બચાવવા વચ્ચે પડતાં તેને ઓન સરપંચે ઢીકાપાટુનો મારમારી સરપંચે કહેલ કે, જો ફરીવાર મારી પાસે પૈસા માગ્યા છે તો તમને છોડીશ નહીં અને જાનથી મારી નાખીશ ધમકી આપી હતી. બનાવ અંગેની ફરિયાદ પરથી પોલીસે સરપંચ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

મોરબી જિલ્લામાં પીજીવીસીએલની ટીમો ત્રાટકી

સૌરાષ્ટ્ર-કચ્છમાં વીજચોરીનું દૂષણ વધતું જતું હોવાને કારણે આ વીજચોરીના દૂષણને ડામવા માટે પીજીવીસીએલ દ્વારા સતત આકરી કામગીરી કરવામાં આવી રહી છે.વીજચોરી વધુ વીજલોસ ધરાવતા ફીડરો પર આયોજનબદ્ધ ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. તા.૮-૫-૨૩ થી તા.૧૨-૫-૨૩ કુલ પાંચ દિવસ આવી જ ઇન્ટરોલેશન ચેકિંગ ડ્રાઇવના અનુસંધાને મોરબી જિલ્લાની મોરબી, વાંકાનેર, હળવદ, માળિયા, ટંકારા તાલુકા હેઠળના વિવિધ વિસ્તારોમાં એસ.આર.પી. સ્ટાફ તથા પોલીસ સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત હેઠળ ઇજનેરોની કુલ ૩૪ જેટલી જામનગર, ભુજ, અંજાર તથા મોરબીની પીજીચેકિંગ ટીમો દ્વારા પીજીચેકિંગની કામગીરી કરવામાં આવી હતી. આ દરમિયાન રહેણાંકના ૭૨૧ તથા વાણિજ્યિક હેતુના ૧૯૫ મળીને કુલ ૯૧૬ જેટલા વીજજોડાણો ચકાસવામાં આવ્યાં હતા, જે પૈકી રહેણાંકના ૧૬૪ તથા વાણિજ્યિક હેતુના ૪૪ મળીને કુલ ૨૦૮ વીજજોડાણોમાં જુદાજુદા પ્રકારની ગેરરીતિ માલૂમ પડતાં રહેણાંકમાં ૫૭ લાખ તથા વાણિજ્યિક હેતુમાં ૩૫.૨ લાખ મળીને કુલ ૩,૯૨.૨ લાખના દંડનીય આકારણીના બિલ ફટકારવામાં આવ્યાં હતા. આગામી દિવસોમાં ચેકિંગની આ ઝુંબેશને વધુ વ્યાપક અને ગતિશીલ બનાવાશે તેવું વીજતંત્રના સૂત્રોએ જણાવ્યું છે. પીજીવીસીએલની આ કામગીરીને લીધે વીજચોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

માનસી લુણીયાતરનો આજે જન્મદિવસ

રાજકોટઃ માનસી લુણીયાતરનો આજે જન્મદિવસ છે. યશસ્વી જીવનના ૨૨ વર્ષ પૂર્ણ કરી ૨૩ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહી છે. તાજેતરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવાયેલી B.J.M.C (બેચરલ ઓફ જર્નાલિઝમ માસ કોમ્યુનિકેશન)ની પરીક્ષામાં ફર્સ્ટ ક્લાસ મેળવી લુણીયાતર પરિવાર અને અર્જુનલાલ હિરાણી કોલેજ ઓફ જર્નાલિઝમ એન્ડ પરફોર્મિંગ આર્ટસનું નામ રોશન કર્યું છે. માતા-પિતા અને પરિવારજનોએ જીવનમાં આગળ વધવા માટે ખંતથી મહેનત કરવા આપેલી શિખામણને ધ્યાનમાં લઇ માનસીએ દિવસ-રાત જોયા વિના પત્રકારત્વ ક્ષેત્રમાં આગળ વધી રહી છે. રાજકોટ શહેરથી પ્રસિધ્ધ થતું **'સૌરાષ્ટ્ર ક્રાંતિ'** સાંધ્ય દૈનિકમાં પત્રકારત્વની મહત્વની ભૂમિકા ભજવી રહી છે. આજે જન્મદિવસ પર તેમના પરિવારજનો, સગા-સ્નેહીઓ, સહિતના શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે. **'સૌરાષ્ટ્ર ક્રાંતિ'** પરિવાર તરફથી માનસી લુણીયાતરને જન્મદિવસની શુભકામનાઓ....

લક્ષ્મી ગમે તેટલી સાચવો પણ તે ચંચળ અને જવાના સ્વભાવવાળી છેઃ આચાર્ય કીર્તિયશસુરીશ્વરજી મહારાજ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૩

આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે મહર્ષિઓએ બનાવેલા ૧૫ પગથિયા પૈકી ૬ પગથિયાને સમજાવ્યા બાદ, પ્રવચન પ્રભાવક આચાર્ય દેવ શ્રીમદ વિજય કીર્તિયશસૂરિશ્વરજી મહારાજે આજે કયા પગથિયા તરીકે સંસારના સ્વરૂપનું ચિંતન કરવું એ વિષય ઉપર સમજ આપી હતી. વર્ધમાનનગર શ્રી સંઘમાં બિરાજી રહેલા પ્રવચન પ્રભાવક પૂ.આચાર્યદેવ શ્રીમદ વિજય કીર્તિયશસુરીશ્વરજી મહારાજે પોતાની પ્રવચન શ્રેણીના આજના છઠ્ઠા દિવસે સંસારના સ્વરૂપ વિશે વિચારો રજૂ કર્યા હતા. પ્રહલાદ પ્લોટ મેઈન રોડ ઉપર અજરામાર ઉપાશ્રયની સામે આવેલી પ્રદ્યુમનસિંહજી સ્કૂલમાં ચાલી રહેલી આ પ્રવચન શ્રેણી અંતર્ગત આચાર્યશ્રી પોતાની વાણીનો લાભ આપી રહ્યા છે. વિશ્વ હિતચિંતક આચાર્યદેવ શ્રી કીર્તિયશસૂરિશ્વરજી મહારાજની વાણીનો લાભ લેવા માટે મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી રહ્યા છે.



તેમણે કહ્યું હતુ કે, સંસાર સ્વરૂપનો વિચાર નથી કર્યો માટે જ ઈન્દ્રિયથી ઉત્પન્ન થતાં સુખો મીઠા અને મધુરા લાગે છે. આજે સંસારના સ્વરૂપનું જ્ઞાન ઘણાખરાને છે, પણ વિજ્ઞાન નથી. જ્ઞાને અને વિજ્ઞાનમાં તફાવત છે. જ્ઞાનમાં એકાદ પાસાનો વિચાર હોય, જયારે વિજ્ઞાનમાં ચારે-તરફનું જોઈ-જાણી પછી નિશ્ચિત કરેલું હોય છે. લક્ષ્મી ચંચલ છે એવું જ્ઞાન થાય તો તેને સાચવવાનું મન પણ થાય અને જો વિજ્ઞાન રૂપે પરિણામ પામે તો એમ થાય કે લક્ષ્મી ચંચળ છે. માટે એને સાચવવાની ગમે તેટલી મહેનત કરાય, તો પણ એ જવાના સ્વભાવવાળી જ છે. તેથી તેને છોડવાનું મન થાય અને સારા માર્ગે વાપરવાનું મન થાય. તેમ જણાવ્યું છે.

છેલ્લા પાંચ વર્ષમાં કેન્સરના દર્દીઓમાં ૧૦ ટકાનો વધારો

કેન્સરનો ભરડો : દર વર્ષે સરેરાશ ૭૦ હજાર કેસ, ૪૦ હજારના મૃત્યુ



કેન્સરથી સૌથી વધુ મૃત્યુમાં ગુજરાત નવમાં સ્થાને : શહેરી વિસ્તારમાં મોંઢા, ગ્રામ્યમાં ગર્ભાશયના કેન્સરના વધુ કેસ

(એજન્સી સમાચાર) અમદાવાદ.તા.૧૩

'કેન્સરનું નિદાન થયું છે' તેવા ડોક્ટરના શબ્દો કાને પડતાં જ મજબૂત મનોબળ ધરાવતી વ્યક્તિ પણ થોડી ક્ષણ માટે તો પગ નીચેથી ધરતી સરકયા જેવું ચોક્કસ અનુભવે. ગુજરાતમાં પણ કેન્સરની ઘાતકતા સતત વધી રહી છે. છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં કેન્સરના ૩.૪૮ લાખથી વધુ કેસ નોંધાયા છે જ્યારે ૧.૯૧ લાખથી વધુ વ્યક્તિના મૃત્યુ થયા છે.વર્ષ ૨૦૨૨માં કેન્સરથી સૌથી વધુ મૃત્યુ થયા હોય તેવા રાજ્યોમાં ગુજરાત નવમાં સ્થાને છે.

ગુજરાતમાં વર્ષ ૨૦૧૮થી કેન્સરના કેસમાં સતત વધારો થઇ રહ્યો છે. ૨૦૧૮માં રાજ્યમાં કેન્સરના ૬૬૦૬૯ કેસ નોંધાયા હતા અને તે હવે ૨૦૨૨માં ૧૦ ટકા વધીને ૭૩૩૮૨ થયા છે. કેન્સરના સૌથી વધુ કેસ નોંધાતા હોય તેવા ટોચના ૧૦ રાજ્યોમાં ગુજરાતનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૨માં કેન્સરથી સૌથી વધુ મૃત્યુ થયા હોય તેવા રાજ્યોમાં ઉત્તર પ્રદેશ ૧.૧૬ લાખ સાથે મોખરે, મહારાષ્ટ્ર ૬૬૮૭૯ સાથે બીજા, પશ્ચિમ બંગાળ ૬૨૬૫૨ સાથે ત્રીજા જ્યારે ગુજરાત ૪૦૩૫૬ સાથે નવમાં સ્થાને છે. આમ, ગુજરાતમાં દરરોજ સરેરાશ ૧૦૫ વ્યક્તિ કોરોના સામે જીવ ગુમાવે છે. ગુજરાતમાં વિશેષ કરીને મોઢાના કેન્સર, સ્તન કેન્સર અને ગર્ભાશયના કેન્સરના કેસ વધારે જોવા મળે છે.આ અંગે અમદાવાદની સિવિલ હોસ્પિટલના પરિસરમાં આવેલી ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટયુટના ડિરેક્ટર ડો. શશાંક પંડયાએ જણાવ્યું કે, 'કેન્સરમાં સમયસરનું નિદાન ખૂબ જ જરૂરી છે. લક્ષણો જણાયા બાદ જેટલી ઝડપથી સારવાર શરૂ કરાવવામાં આવે તેટલી સાજા થવાની સંભાવના વધી જાય છે. કેન્સરને હરાવવું અશકય નથી જ. કેન્સરના કેસની ફેમિલી હિસ્ટ્રી હોય તેમણે નિયમિત સ્વચકાસણી કરતા રહેવું જોઇએ. મહિલાઓ માટે ૪૦ની ઉંમર બાદ પેપ ટેસ્ટ કરાવવો પણ જરૂરી છે. ગુજરાતના ગ્રામ્ય વિસ્તારની મહિલાઓમાં ગર્ભાશયના મુખના જ્યારે શહેરી વિસ્તારમાં તમાકુના વ્યસનને કારણે મોઢાના કેન્સરના કેસ વધારે જોવા મળતા હોય છે. તમાકુના વ્યસનથી થતાં નુકસાન અંગે સ્કૂલોથી જ બાળકોને જાગૃત કરવામાં આવે તે જરૂરી છે. 'જીસીઆરઆઇ ખાતે છેલ્લા ૩ વર્ષમાં કેન્સરના ૪૪૩૦૩ દર્દી નોંધાઇ ચૂક્યા છે. જેમાંના મોટાભાગના કેન્સરના કેસ મોઢું-ગળું, બ્રેસ્ટ અને ગર્ભાશયના મુખ અંગેના હોય છે. કેન્સરના દર્દીઓના સગા માટે પણ જીસીઆરઆઇ ખાતે ખાસ ઓપીડી શરૂ કરવામાં આવી છે. આ અંગે ડો. આનંદ શાહે જણાવ્યું કે, 'કેન્સરના દર્દી સાથે કોઈ સ્વજન હોય તો તેના માટેની ઓપીડીમાં તેનું નિઃશુલ્ક સ્ક્રીનિંગ કરવામાં આવે છે. જેનાથી તેમનામાં પણ કેન્સરના લક્ષણ હોય તો તેનું તાકીદે નિદાન થઇ શકે. અત્યારસુધી આ પ્રકારે ૧૯૫૦૦થી વધુ સ્ક્રીનિંગ થયા છે અને તેમાંથી ૩૨માં કેન્સરના લક્ષણ જોવા મળ્યા હતા. '

GCRI ખાતે કયા કેન્સરના કેસ સૌથી વધુ

કેન્સર	૨૦૨૦	૨૦૨૧	૨૦૨૨
મોઢું-ગળું	૩૭૪૪	૫૪૪૪	૫૩૮૧
બ્રેસ્ટ	૯૫૭	૧૪૦૩	૧૪૬૬
ગર્ભાશય	૭૧૫	૮૮૫	૮૯૩
કુલ	૫૪૧૬	૭૭૩૨	૭૭૪૦

GCRI ખાતે કેન્સરના દર્દીઓ

વર્ષ	કેસ
૨૦૨૦	૧૧,૭૮૪
૨૦૨૧	૧૬,૧૯૦
૨૦૨૨	૧૬,૩૨૯

પાંચ વર્ષમાં બ્રેસ્ટ કેન્સરના ૫૦ હજારથી વધુ કેસ

ગુજરાતમાં પાંચ વર્ષમાં બ્રેસ્ટ કેન્સરના ૫૦ હજારથી વધુ કેસ નોંધાઇ ચૂક્યા છે. જેમાં વર્ષ ૨૦૧૮થી દર વર્ષે બ્રેસ્ટ કેન્સરના ૧૦ હજારથી વધુ નવા કેસ સામે આવે છે. ૨૦૧૬થી ૨૦૨૦માં કુલ ૧૮૭૪૭ મહિલાઓના બ્રેસ્ટ કેન્સરથી મૃત્યુ થયા હતા.

ગુજરાતમાં કેન્સરના કેસ

વર્ષ	કેસ
૨૦૧૮	૬૬,૦૬૯
૨૦૧૯	૬૭,૮૪૧
૨૦૨૦	૬૯,૬૬૦
૨૦૨૧	૭૧,૫૦૭
૨૦૨૨	૭૩,૩૮૨
કુલ	૩,૪૮,૪૫૯

ગુજરાતમાં પાંચ વર્ષમાં કેન્સરથી મૃત્યુ

વર્ષ	મૃત્યુ
૨૦૧૮	૩૬,૩૨૫
૨૦૧૯	૩૭,૩૦૦
૨૦૨૦	૩૮,૩૦૬
૨૦૨૧	૩૯,૩૨૮
૨૦૨૨	૪૦,૩૫૬
કુલ	૧,૯૧,૬૧૫

વર્ષ ૨૦૨૨માં કયા રાજ્યમાં કેન્સરથી સૌથી વધુ મૃત્યુ...

રાજ્ય	મૃત્યુ
ઉત્તર પ્રદેશ	૧,૧૬,૮૧૮
મહારાષ્ટ્ર	૬૬,૮૭૯
પ.બંગાળ	૬૨,૬૫૨
બિહાર	૬૦,૬૨૯
તામિલનાડુ	૫૦,૮૪૧
કર્ણાટક	૪૯,૫૧૬
મધ્ય પ્રદેશ	૪૫,૧૭૬
રાજસ્થાન	૪૧,૧૬૭
ગુજરાત	૪૦,૩૫૬
આંધ્ર	૪૦,૩૦૭
દેશમાં કુલ	૮,૦૮,૫૫૮

(જીસીઆરઆઇ : ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટયુટ)

અંતે માધાપર ચોકડીથી મોરબી તરફનો રસ્તો ખુલ્લો મુકાયો

અમદાવાદથી આવતા વાહન ચાલકો હવે સીધા રાજકોટ શહેરમાં પ્રવેશી શકશે, તો માધાપર ચોકડીથી અમદાવાદ જવા માટે હવે વાહન ચાલકો સીધા હાઈ–વે ઉપર જઈ શકશે

રાજકોટ.તા.૧૩

રાજકોટ શહેરનાં જામનગર રોડ ઉપર છેલ્લા ત્રણેક વર્ષથી ચાલી રહેલા માધાપર ફલાય ઓવર બ્રિજના કામ સબબ રાજકોટ જીલ્લા માર્ગ મકાન વિભાગ દ્વારા છેલ્લા ત્રણ માસ કરતાં વધુ સમયથી બંધ કરાયેલો માધાપર ચોકડીથી મોરબી તરફ જવાનો રસ્તો અંતે કલેક્ટરનાં આદેશ બાદ આજથી ખુલ્લો મુકી દેવાયો છે. આ રસ્તો ખુલ્લો કરવામાં આવતા હજારો વાહન ચાલકોને રાહત મળશે.

પ્રાપ્ત વિગતો મુજબ માધાપર બ્રિજનાં બોકસ ગર્ડરનું કામ કરવાનું હોય જીલ્લા માર્ગ મકાન, વિભાગનાં સતાવાળાઓએ છેલ્લા ત્રણ માસથી માધાપર ચોકડીથી બેડી તરફ જવાનો રસ્તો બંધ કરીને વચ્ચે ડાઈવર્ઝન આપ્યું હતું. જેને લઈને આ રસ્તેથી

તસવીરઃ દિલીપ ગોહેલ

પસાર થતાં વાહન ચાલકોને ફરીને જવુ પડતુ હોય અંતર વધી ગયુ હતું. સમગ્ર મામલે તાજેતરમાં જ જીલ્લા કલેકટરને રજૂઆત કરવામાં આવી હતી. તેમજ આપ અને કોંગ્રેસ દ્વારા પણ આ વહેલીતકે આ રસ્તો ખાલેવા અને બ્રિજનું કામ મંદ ગતિએ ચાલી રહ્યું હોય કોન્ટ્રાકટર એજન્સીને દંડ કરવા માંગ ઉઠાવવામાં આવી હતી.લોકોના આ પ્રશ્નને ગંભીરતાથી લઈ રાજકોટ જીલ્લા કલેકટર પ્રભવ જોષીએ તરત જ જીલ્લ માર્ગ મકાન વિભાગનાં કાર્યપાલક ઈજનેરોને બોલાવી રસ્તો ખુલ્લો મુકવા સુચનાઓ આપી હતી. કલેકટરની આ સુચનાના પગલે હવે અંતે આજથી જ માધાપર ચોકડીથી મોરબી તરફ જવાનો રસ્તો ખુલ્લો મૂકી દેવામાં આવ્યો છે. જેને કારણે રોજ ત્યાંથી પસાર થતા હજારો વાહન ચાલકોને ફોગટનો ફેરો કરવામાંથી છુટકારો મળશે. તેમજ ટ્રાફિક સમસ્યામાં પણ મોટી રાહત મળશે. માધાપર બ્રિજની કામગીરીનું સંચાલન કરતાં જીલ્લા માર્ગ મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર વિજય કાલરીયાએ જણાવ્યું હતું કે બ્રિજનાં બોકસ ગર્ડરનું કામ હવે પૂર્ણ થઈ ગયુ છે. જેને લઈને કલેકટરની સુચનાનાં અનુસંધાને માધાપર ચોકડીથી મોરબી તરફ જવાનો રસ્તો શરૂ કરાયો છે. આ રસ્તો શરૂ થતાં માધાપર ચોકડીની ટ્રાફીક સમસ્યામાં ઘણા અંશે રાહત થઈ જશે અને અમદાવાદથી આવતા વાહન ચાલકો હવે સીધા રાજકોટ શહેરમાં પ્રવેશી શકશે. તો માધાપર ચોકડીથી અમદાવાદ જવા માટે હવે વાહન ચાલકો સીધા હાઈવે ઉપર જઈ શકશે.

પડધરીમાં ડ્રગ્સ ઝડપાવા મામલે 'આપ'ના યુવા મોરચાએ રાજય સરકાર સામે કર્યું વિરોધ પ્રદર્શન

તસવીરઃ દિલીપ ગોહેલ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય) રાજકોટ.તા.૧૩ઃ ગુજરાત રાજયમાં છેલ્લા કેટલાક સમયથી ડ્રગ્સ માફિયાઓ બેફામ બન્યા છે. છાશવારે કચ્છ તેમજ રાજયના અન્ય વિસ્તારોમાંથી હેરોઈન મોટી માત્રામાં જપ્ત થઈ રહયુ છે. રાજકોટની નજીક આવેલા પડધરીની નજીક રૂા. ૨૦૦ કરોડથી વધુનું ડ્રગ્સ ઝડપાતા હાહાકાર મચી જવા પામ્યો છે. રાજકોટ આમ આદમી પાર્ટીના યુવા મોરચા ધ્વારા આ સંદર્ભે આજે કિશાનપરા ચોકમાં રાજય સરકારની નિષ્ક્રીયતા વિરૂધ્ધ સુત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કરાયુ હતું. જો કે બાદમાં પોલીસે કાર્યકરોની અટકાયત કરી હતી.

રાજયના સૌથી હોટ સિટી પાટણમાં ૪૫.૩ અને અમદાવાદમાં ૪૪.૪ ડિગ્રી તાપમાન

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં આગામી ૧૬મે સુધી હિટવેવની આગાહી

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય)

રાજકોટ, તા. ૧૩

ભારતીય હવામાન વિભાગ અમદાવાદ દ્વારા આગામી તા.૧૧ થી તા.૧૬ મે સુધી સૌરાષ્ટ્ર સહિત-જામનગર જિલ્લામાં હીટવેવની આગાહી કરવામાં આવેલ છે.સૌરાષ્ટ્ર-ગુજરાતમાં હિટવેવની અસર હેઠળ ગઈકાલે પણ ઠેર ઠેર અંગ દઝાડતા તાપ સાથે આગ ઝરતી લૂંથી લોકો અકળાયા હતા. ગઈકાલે પણ સતત બીજા દિવસે જુનાગઢનો ગિરનાર પર્વત ધગધગ્યો હતો અને પર્વત ઉપર ૪૬ ડિગ્રી જેટલું તાપમાન નોંધાયુ હતું. આ અંગે જુનાગઢથી મળતા અહેવાલો મુજબ હીટવેવમાં ગિરનાર પર્વતને જુનાગઢ તેમજ જીલ્લો શેકાય રહ્યો છે.

કાળઝાળ ગરમી સાથે ગરમી લુ સાથેનો પવન સતત પાંચ દિવસથી ફુંકાય રહ્યો છે. રોજબરોજ ગરમીનો પારો ઉંચે ચડતો જતો હોવાથી બપોર વચ્ચે રોડ, રસ્તા, સુમસામ બની સ્વયંભુ કર્ફ્યુ જેવું વાતાવરણ જોવા મળી રહ્યું છે. મોટર સાયકલ, છકડો રીક્ષા જેવા ખુલ્લા વાહનો ભાગ્યે જ જોવા મળી રહ્યા છે.

લોકો ઘરમાંથી બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. ગીરનારના કાળમીંઢ પથ્થરો ભારે સુર્યના તાપથી તપી જતા હોવાથી લુ પણ ગરમ પવન સાથે ફુંકાતા ઉનાળુ વેકેશન હોવા છતાં બપોર વચ્ચે સ્વયંભુ કર્ફ્યુ હોય તેમ તળેટી ખાલીખમ જોવા મળી રહી છે. જુનાગઢમાં ગરમીનો પારો ૪૪ ડિગ્રીએ પહોંચાવામાં આવ્યો છે. જયારે વાહન ચલાવતી વખતે પણ ગરમ લુના કારણે મોઢુ સેકાઇ રહ્યા છે. ૪૦ ડિગ્રી તાપમાન વચ્ચે લોકો ગરમીના બફારાથી ત્રાહીમામ પોકારી ઉઠયા હતા. જયારે ગઇકાલે વડોદરામાં ૪૩.૨, ભુજમાં ૪૨.૬, ડિસામાં ૪૨.૮, ગાંધીનગરમાં ૪૩.૭, પાટણમાં ૪૫.૩ અને રાજકોટ શહેરમાં ૪૨.૯ ડિગ્રી મહતમ તાપમાન નોંધાવા પામ્યું હતું. ઉલ્લેખનીય બાબત એ છે કે, સૌરાષ્ટ્ર નજીકનું દરિયાકાંઠાનું પર્યટન સ્થળ દિવ પણ ગરમીમાં શેકાયુ હતું અને અત્રે ગઇકાલે ૪૧.૯ ડિગ્રી મહતમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

મગફળીનું વાવેતર-ઉત્પાદન પૂરતા પ્રમાણમાં થયું હોવા છતા

મોંઘવારીનો માર: સિંગતેલમાં ૫ દિવસમાં રૂ. ૧૦૦ વધ્યા

અન્ય ખાદ્યતેલમાં રૂ. ૧૦થી ૬૦ સુધી ભાવ વધ્યા હતા, સામે ઘટાડો માત્ર રૂ. ૧૦થી ૫૫ સુધી થયો

રાજકોટ.તા.૧૩

મગફળીનું વાવેતર-ઉત્પાદન પૂરતા પ્રમાણમાં થયું હોવા છતા સિઝનમાં લોકોને મોંઘા ભાવનું સિંગતેલ ખાવુ પડયું હતું. સિંગતેલ મોંઘું થતા અન્ય ખાદ્યતેલના ભાવ ઊંચકાયા હતા. જો કે આ ભાવ વધારાનો સિલસિલો સિઝન પુરી થયા બાદ પણ યથાવત રહ્યો છે જેથી કોઈ આર્થિક રાહત મળી નથી. મે માસની શરૂઆતમાં સિંગતેલનો ભાવ રૂ. ૨૯૦૦ની સપાટી કુદાવી ગયો હતો. ત્રણ દિવસમાં એટલે ૩ મેથી ૬ મે સુધી સીંગતેલ રૂ. ૧૦૦ મોંઘું થયું અને અન્ય તેલમાં રૂ. ૧૦થી લઈને રૂ. ૬૦ સુધીનો ભાવ વધારો આવ્યો હતો.

જ્યારે ૬ મે બાદ ખાદ્યતેલમાં ઘટાડાનું વલણ રહ્યું હતુ. પરંતુ આ ઘટાડો નજીવો રહ્યો હતો. સીંગતેલમાં ૫ દિવસમાં રૂ. ૧૦૦ વધ્યા હતા અને ૬ દિવસમાં માત્ર રૂ. ૩૫નો જ ઘટાડો આવ્યો છે. ૩ મે ના રોજ સિંગતેલનો ભાવ રૂ. ૨૮૧૦ હતો ત્યારબાદ સતત તેજી રહી હતી.જેને કારણે ૮ મેના રોજ સીંગતેલના ડબ્બાએ રૂ. ૨૯૦૦ની સપાટી કુદાવી હતી. જો કે ભાવવધારો બે દિવસ સુધી યથાવત રહ્યો હતો અને ત્યારબાદ શુક્રવારે તેલનો ભાવ રૂ. ૨૮૭૫નો થયો. આ ઉપરાંત કપાસિયા તેલમાં પણ સતત તેજી રહી હતી.

વેપારીઓના જણાવ્યાનુસાર તેલના ભાવમાં વધઘટનો આધાર સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિબળ પર છે. જો કે સૌરાષ્ટ્રમાં મગફળી એ સૌથી વધુ વાવેતર થાય છે.આમ છતાં ઘરઆંગણે સીંગતેલ મોંઘું થાય છે. હાલ ઉનાળાની આકરી ગરમી છે. ઉપરાંત કેરીની સિઝન હોવાને કારણે તેલમાં ડિમાન્ડ ઓછી રહે છે. જેને કારણે તેલના ભાવ ઘટતા હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે.

જો કે તેલના ભાવમાં ઘટાડો થતા લોકોને રાહત મળી હતી. પરંતુ ભાવ વધારા-ઘટાડાની સરખામણી કરીએ તો આ રાહત ઊંધા ચશ્મા પહેરાવતી સાબિત થઇ છે. ખાદ્યતેલ ઉપરાંત મસાલા, તલ, જીરું વગેરેના ભાવમાં પણ વધારો ગત વર્ષની સરખામણીએ થયો છે. હવે વાતાવરણ ચોખ્ખું થયું છે. ગત સમાહની સરખામણીએ યાર્ડમાં ધીમે-ધીમે આવક પણ વધી રહી છે. અત્યારે મગફળી,કપાસ વગેરેની આવક સારી છે. એક્સપોર્ટમાં ડિમાન્ડ હોવાને કારણે ખેડૂતો મોટેભાગે સ્થાનિક બજારમાં જણસી વેચવાને બદલે તેઓ એક્સપોર્ટ કરવાનુ વધારે પસંદ કરી રહ્યા છે.

રાજય ખેડૂતોને સ્માર્ટફોન ખરીદી માટે આઈ ખેડૂત પોર્ટલનો ૧૫મે થી પ્રારંભ

સ્માર્ટફોનની ખરીદી માટે ૪૦ ટકા અથવા ૬૦૦૦ સુધીની સરકાર તરફથી સહાય મળશે

રાજકોટ,તા.૧૩

રાજય સરકાર દ્વારા ખેડૂતોને આત્મનિર્ભર અને ઈન્ટનેટથી કનેકટ કરી કૃષિ ક્ષેત્રે ખેડૂત પ્રગતિ કરી શકે તે હુતુથી કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા સ્માર્ટફોન સહાય યોજના શરૂ કરી છે. જેથી ખેડૂતો સરકારની ઓનલાઈન સુવિધાનો સીધો લાભ મેળવી શકે છે. અને કૃષિવિભાગની તમામ સહાય યોજનાઓની ઓનલાઈન અરજી પણ કરી શકે છે.રાજયના ખેડૂતોને ખેતીવાડી ખાતાની વિવિધ યોજનાઓ પૈકી પાણીના ટાંકા બનાવવા માટેની સહાય અને સ્માર્ટ ફોનની ખરીદી પર સહાયની યોજનાનો લાભ મળી રહે તથા ખેતી અને ખેડૂતોની સમૃદ્ધિમાં વધારો થાય તે આશયથી રાજયની સરકાર દ્વારા આગામી તા.૧૫મેના

રોજ સવારે ૧૦:૩૦ થી આઈ ખેડુત પોર્ટલ પર આ યોજનાની ઓનલાઈન અરજી કરી શકાશે.

જેથી બહોળા પ્રમાણમાં ખેડૂતો આ યોજનાનો મહત્તમ લાભ લઈ શકશે.ઉપરોકત બંને યોજનાઓમાં પાણીના ટાંકામાં ૫૦ ટકા અથવા ૯.૮૦ લાખ બે માંથી જે ઓછુ હોય તે મળવાપાત્ર તેમજ સ્માર્ટ ફોનમાં ૪૦ ટકા અથવા રૂ.૬૦૦૦ બે માંથી જે ઓછું હોય તે મળવાપાત્ર છે.રાજય સરકાર દ્વારા ખેડૂતોનું કલ્યાણ સુનિશ્ચિત થાય તે માટે પ્રધાનમંત્રી કિસાન કલ્યાણ સન્માન નિધિ, પ્રધાનમંત્રી ફસલ વીમાં યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ જેવી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે.

સરકાર દ્વારા ખેડૂત અને ખેતીને સમૃદ્ધ બનાવવા અનેકવિધ પગલા લેવાઈ રહ્યા છે.પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ત્યારે રાજય સરકાર દ્વારા વધુએક આઈ ખેડુત પોર્ટલનો પ્રારંભ કરવાના ખેડુતલક્ષી નિર્ણયને આવકારી રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ ભૂપત બોદરે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ અને રાજયના કૃષિમંત્રી રાઘવજી પટેલને અભિનંદન પાઠવ્યા હતાં.

પી.આઇ બારોટ સહિત બી-ડિવિઝન પોલીસ સ્ટાફે દારૂમાં પકડાયેલ આરોપીને ઢોર માર મારતા સિવિલમાં દાખલ

આરોપી પિન્ટુ રાતડીયાને ઢોર માર મારી પોલીસે કેસ ન કરવાના ૧.૬૦ લાખ લીધાનો આક્ષેપ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય)

રાજકોટ.તા.૧૩

શહેરના સામાકાઠાના અનેક વખત ચર્ચામાં રહેતા બી ડિવિઝન પોલીસ સ્ટેશન ફરી ચર્ચાના ચકડોળે ચઢ્યું છે. બી ડિવિઝન પોલીસના પીઆઇ સહિત ડી સ્ટાફે દારૂમાં પકડાયેલા આરોપીને ઢોર માર માર્યાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વિસ્તૃત વિગત જોઇએ તો ગઇકાલે રાત્રે સીવીલમાં દાખલ થયેલ પિન્ટુ વીભાભાઇ રાતડીયાએ પોલીસ પર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે ગત તા.૧૦ ના રોજ મને બે બોટલ દારૂમાં પકડવામાં આવ્યો હતો. અને પોલીસ સ્ટેશન લઇ જઇને પીઆઇ બારોટ, ડી.સ્ટાફ પીએસઆઇ તેમજ તેમના પોલીસ સ્ટાફ પોપટભાઇ ગમારા, દેવુભાઇ દરબાર, વિનોદભાઇ પરમાર, મનજીભાઇ આહિર દ્વારા ઢોર માર મારવામાં આવ્યો હતો. અને મારી ઉપર કેસ ન કરવા માટે રૂપીયાની માંગણી કરવામાં આવી હતી. પોલીસે સમગ્ર મામલો રફેદફે કરવા માટે ૧.૬૦ લાખની માંગણી કરવામાં આવી હતી. જે રૂપીયા આપી દીધા બાદ ૨૪ કલાક પોલીસ સ્ટેશનમાં રાખીને છોડી મુકવામાં આવેલ ત્યાર બાદ પોલીસના બે જવાનો દ્વારા ઘરે આવીને ધમકી પણ આપવામાં આવેલ કે આ વાત ક્યાય બહાર પડવી જોઇએ નહીં નહીંતર ફરી પાછો ૩૦૨ અને ૩૦૭માં ફીટ કરી દેશું અને જેલના સળીયા ગણતો થઇ જઇશ. આરોપી સિવીલમાં દાખલ થતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો અને પોલીસ દ્વારા તાત્કાલીક કેસ કરવામાં પણ આવ્યાની ચર્ચાઓ થઇ રહી છે. સમગ્ર મામલોમાં પોલીસ પર આક્ષેપો થવાને લીધે ઉચ્ચ અધિકારી દ્વારા મામલાની તટસ્થ તપાસ કરવામાં આવશે કે ભીનું સકેલી દેવામાં આવશે તે ચર્ચાએ જોર પકડ્યું છે.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.